Registration of News Paper No. GUJGUJ/2015/65432
Pages: 8 Price : Rs. 3/- Annual Subscription : Rs. 800/-
Posting Licence No. RAJKOT / 678 / 2021-23,VALID UP TO 31-12-2023
posted at rajkot-RMS published & posting dt.-daily (evening)
Web: www.saurashtrakranti.com
Email ; saurashtrakranti@gmail.com




અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

# સૌરાષ્ટ્ર ક્રાંતિ

Year:8, Issue: 83 Dt.19-01-2023 (Thursday)

સાંધ્ય દૈનિક

તંત્રી, પ્રકાશક, મુદ્રક અને માલિક : ગઢવી અશોક મુળુભા, પ્રકાશન સ્થાન: 125, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ–360001

# અમારી સરકાર વોટ માટે નહીં વિકાસ માટે છેઃ વડાપ્રધાન

## કર્ણાટકમાં કરોડો રૂપિયાના વિકાસકામોનું લોકાર્પણ કરતા નરેન્દ્ર મોદી



(એજન્સી સમાચાર)

નવી દિલ્હી, તા.૧૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે ભારપૂર્વક જણાવ્યું હતું કે, અમારી સરકાર વોટબેંકના રાજકારણ માટે નહીં પણ વિકાસ માટેની સરકાર છે. આવનારા ૨૫ વર્ષ દરેક નાગરિક અને દરેક રાજય માટે અમૃતકાળ બની રહેશે. આપણે આ ગાળામાં વિકસિત સમર્થ દેશનું નિર્માણ કરવાનું છે.

આજે કર્ણાટકની મુલાકાતે પહોંચેલા વડાપ્રધાને યાદગીરી જિલ્લામાં જળશુધ્ધિ સહિતના અનેક પ્રોજેક્ટનું લોકાર્પણ કર્યું હતું અને કેટલીક મહત્વની યોજનાઓનું ખાતમુહૂર્ત કર્યું હતું.

કર્ણાટકમાં વિધાનસભાની ચૂંટણીઓ યોજાનારી છે ત્યારે વડાપ્રધાને અનેક પ્રોજેક્ટનું ઉદ્દઘાટન કરીને ચૂંટણી પ્રચારનો શંખનાદ ફૂંકી દીધો છે. આ મહિને બીજીવખત વડાપ્રધાને રાજ્યની મુલાકાત લીધી છે. વડાપ્રધાને જણાવ્યું હતું કે, જયારે ખેતરોમાં સારો પાક લહેરાતો હોય અને ઉદ્યોગો ઝડપથી વિસ્તાર પામતા હોય ત્યારે જ ભારતને સાચા અર્થમાં વિકસિત દેશ કહી શકાય. અમારી ડબલ એન્જીન સરકારનો મતલબ જ ડબલ કલ્યાણ એવો થાય છે. જે તમે કર્ણાટકમાં જોઈ રહ્યા છો. અગાઉની સરકારોએ યાદગીરી અને આસપાસના વિસ્તારોને હંમેશા પછાત રાખ્યા અને જવાબદારી પૂરી કરી નથી.

મોદીએ જણાવ્યું હતું કે, અમે સત્તા પર આવ્યા ત્યારે દેશના ૩ કરોડ ગ્રામ્ય આવાસોને જ નળ વાટે પાણી મળતું હતું. આજે ગ્રામ્ય ભારતના ૧૧ કરોડ આવાસોને નલ થી જલ મળી રહ્યું છે. વડાપ્રધાનની યાત્રા દરમ્યાન કર્ણાટકના રાજયપાલ થાવરચંદ ગેહલોત, કેન્દ્રના રસાયણ અને ખાતર રાજ્યમંત્રી અને કર્ણાટક સરકારના અન્ય મંત્રીઓ, ભાજપના ધારાસભ્યો તથા અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

વડાપ્રધાને યાદગીરીમાં ગ્રામ્ય પાણી વિતરણ યોજના જલજીવન મિશનનું ખાતમુહૂર્ત કર્યું હતું. રૂ.૨ હજાર ૫૦ કરોડના ખર્ચે યાદગીરી જિલ્લાના ૩ શહેર અને ૭૦૦ ગામોમાં ૨.૩ લાખ પરિવારોને પીવાનું શુધ્ધ પાણી મળતું થઇ જશે.

વડાપ્રધાને નારાયણપુર કેનાલનું પણ ઉદ્દઘાટન કર્યું હતું. આ પ્રોજેક્ટથી સાડા ચાર લાખ હેક્ટર ખેતીની જમીનને સિંચાઈનું પાણી મળતું થઇ જશે. ૩ જિલ્લાઓના ૫૬૦ ગામોના ૩ લાખ ખેડૂતોને ફાયદો થશે. આ યોજના રૂ.૪૭૦૦ કરોડના ખર્ચે આકાર પામી છે. વડાપ્રધાને સુરત-ચેન્નઈ એક્સપ્રેસ- વેના ભાગરૂપે નિર્માણ પામનારા સિક્સલેન ગ્રીનફિલ્ડ રોડનો શિલાન્યાસ પણ કર્યો હતો.(૨.૧૨)

## આગામી બજેટમાં ૩૫ હાઈડ્રોજન ટ્રેન, ૫૦૦ વંદેભારત ટ્રેનની જાહેરાત થશે

### રેલવેને આધુનીકરણ માટે રૂ.૧.૯ લાખ કરોડની ફાળવણી થઇ શકે



(એજન્સી સમાચાર)

નવી દિલ્હી, તા.૧૯

આગામી વર્ષના બજેટમાં હવે ગણતરીના દિવસો જ બાકી છે. નાણામંત્રી નિર્મલા સિતારમણ ૧ ફેબ્રુઆરીએ બજેટ રજૂ કરશે. આવનારા બજેટમાં ભારતીય રેલ્વે માટે ઘણી મોટી જાહેરાતો કરવામાં આવી શકે છે. અંગ્રેજી અખબાર ટાઈમ્સ ઓફ ઈન્ડિયાના અહેવાલ મુજબ, આગામી બજેટમાં રેલ્વે દ્વારા ૩૫ હાઈડ્રોજન ઈંધણવાળી ટ્રેનો, ૪૦૦-૫૦૦ વંદેભારત ટ્રેનો, લગભગ ૪,૦૦૦ નવી ડિઝાઈનવાળા ઓટોમોબાઈલ કેરિયર કોચ અને લગભગ ૫૮,૦૦૦ વેગનનો સમાવેશ કરવાની યોજના છે. જાહેરાત કરી શકાય છે. આ તમામને આગામી ત્રણ વર્ષમાં પાટા પર મૂકી શકાય છે.

રિપોર્ટમાં સૂત્રોના હવાલાથી કહેવામાં આવ્યું છે કે બજેટમાં ભારતીય રેલવેને ૧.૯ લાખ કરોડ રૂપિયા ફંડ તરીકે આપવામાં આવી શકે છે. આ દ્વારા, ભારત સરકાર ૨૦૩૦ સુધીમાં તેના રોલિંગ સ્ટોક (ટ્રેન, કોચ અને વેગનના આધુનિકીકરણ), રેલવે ટ્રેકના સુધારણા અને વિદ્યુતીકરણ અને ચોખ્ખી શૂન્ય કાર્બન ઉત્સર્જનનું લક્ષ્ય હાંસલ કરવા માંગે છે.

## ભારતના વિશ્વસ્તરના કુસ્તી બાજોના દિલ્હીમાં ધરણા અને જોરદાર પ્રદર્શન



(એજન્સી સમાચાર)

નવી દિલ્હી, તા.૧૯

મહિલા કુસ્તીબાજોના જાતિય શોષણ અને પારાવાર સત્તામણીના મુદ્દા પર ગઈકાલથી ભારતના ટોચના મહિલા અને પુરૂષ કુસ્તીબાજો રાજધાની નવી દિલ્હીમાં જંતરમંતર પર ધરણા અને પ્રદર્શન કરી રહ્યા છે. ભારતીય કુસ્તીબાજ મહાસંઘના ચેરમેન બ્રિજભૂષણ શરણસિંહ સામે અનેક મહિલા કુસ્તીબાજોએ જાતિય શોષણ અને સતામણીનો આરોપ મુકતા ખળભળાટ મચી ગયો છે. સરકારે આ મામલાનો ૭૨ કલાકમાં ઉકેલ લાવવાની ખાતરી આપી હોવા છતાં આજે સતત બીજા દિવસે ચાલુ રહેલા ધરણામાં મેડલ વિજેતા કુસ્તીબાજ બજરંગ પુનિયા અને મહિલા કુસ્તીબાજ વિનેશ ફોગટે સતત ધરણા ચાલુ રાખ્યા હતા.

આજે તમામ ટોચની ઓલિમ્પિક અને વિશ્વ કક્ષાની મહિલા કુસ્તીબાજો બબીતા ફોગટ, સાક્ષી મલિક, વિનેશ ફોગટ, બજરંગ પુનિયા સહિતના કુસ્તીબાજોએ એમની સતામણીના વિરોધમાં સખ્ત દેખાવ અને ધરણા શરૂ રાખ્યા છે. ભીંસમાં મુકાયેલા કુસ્તી મહાસંઘના ચેરમેન બ્રિજ ભૂષણે કેન્દ્રીય

(અનુ.પાના નં.૪ ઉપર)

## ગુજરાતની વેરાની આવકમાં મોટું ગાબડું પડવાની ભીતિ

### ૧૪ ટકા જીએસટી વૃધ્ધિદર પ્રાપ્ત નહીં થાયઃ રિઝર્વ બેંકનો ચોંકાવનારો અહેવાલ



(એજન્સી સમાચાર)

બેંગ્લોર, તા.૧૯

જીએસટી વળતર યોજના કેન્દ્ર સરકારે બંધ કરી દઈ રાજયોને વેરાની ખાધનું વળતર ચૂકવવાનું બંધ કર્યું છે. જેના પરિણામે ગુજરાત સહિત દેશના ૧૦ થી વધુ રાજ્યો માટે ગંભીર આર્થિક સંકટ ઉભું થાય તેવી શક્યતા છે. રિઝર્વ બેંકના એક અહેવાલમાં એવી લાલબતી ધરવામાં આવી છે કે, ગુજરાત જેવા રાજ્યોના જીએસટી કલેક્શનમાં મોટું ગાબડું પડી શકે છે અને ૧૪ ટકા જીએસટી વૃધ્ધિદર હાંસલ કરી શકાશે નહીં. આ રીપોર્ટ ગુજરાત માટે ચોંકાવનારો છે.

આરબીઆઈનો રીપોર્ટ ઉમેરે છે કે, અગાઉ કર્ણાટક, ગુજરાત, મહારાષ્ટ્ર, તમિલનાડુ, ઉત્તરાખંડ સહિતના ૧૦ રાજયોએ જીએસટીનો વૃધ્ધિદર ૧૪ ટકા રહેવાનો બજેટમાં અંદાજ મુક્યો હતો પરંતુ એ શકય નહીં બને. જીએસટી યુગના પ્રથમ પાંચ વર્ષની સ્કીમમાં મહારાષ્ટ્ર, કર્ણાટક, ગુજરાત, તમિલનાડુ અને પંજાબે સૌથી વધુ વળતર મેળવ્યું હતું. ગયા જૂન માસથી વળતર યોજના પર પરદો પડી ગયો છે. પરિણામે પંજાબ, દિલ્હી, પોંડીચેરી, હિમાચલ પ્રદેશ, ગોવા અને ઉત્તરાખંડ જેવા રાજ્યોને સૌથી વધુ ફટકો પડશે કેમકે આ રાજ્યોને

(અનુ.પાના નં.૪ ઉપર)

### કેન્દ્રના માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રી નીતિન ગડકરીની વધુ એક અનોખી જાહેરાત

## ટ્રક ડ્રાઈવરોના કામના કલાક નક્કી થશેઃ માર્ગ સુરક્ષાની દિશામાં અનોખું પગલું

### ટ્રક ડ્રાઈવરોના કામના કલાકો નક્કી કરવા નવો કાયદો લાવવાની જાહેરાત



(એજન્સી સમાચાર)

નવી દિલ્હી, તા.૧૯

કેન્દ્રીય માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રી નીતિન ગડકરીના જણાવ્યા અનુસાર, ટ્રક ડ્રાઈવરો માટે કામના કલાકો નક્કી કરવા માટે કાયદો લાવવામાં આવશે અને ૨૦૨૫ના અંત પહેલા માર્ગ અકસ્માતમાં ૫૦ ટકા સુધી ઘટાડો કરવાના પ્રયાસો કરવામાં આવશે.સડક સુરક્ષા અભિયાન, માર્ગ સલામતી સપ્તાહ દરમિયાન આઉટરીચ ઝુંબેશમાં ભાગ લેતા, તેમણે કહ્યું કે માર્ગ મંત્રાલય માર્ગ અકસ્માતો અને ઇજાઓમાં ઘટાડો કરવા માટે

(અનુ.પાના નં.૪ ઉપર)




અમેરિકાના જાણીતા કેન્સર રોગ નિષ્ણાંતે લાલબતી ધરી

## ભારતમાં બદલતી જીવનશૈલીને કારણે કેન્સરનું સુનામી આવશે

### કેન્સર થતું રોકવાના ઉપાયો અને સારવાર માટે મેડિકલ ટેકનોલોજીનો વધુ ઉપયોગ કરવાની સલાહ

(એજન્સી સમાચાર)

નવી દિલ્હી, તા.૧૯

વિકાસની ઝડપ પકડી રહેલા ભારત વિશે એવો દાવો કરવામાં આવ્યો છે, જેનાથી સરકારની સાથે-સાથે સામાન્ય લોકોને પણ ચિંતા થાય. અમેરિકન ઓન્કોલોજિસ્ટ ડો. જેમ અબ્રાહમ દાવો કરે છે કે આવનારા સમયમાં ભારતમાં કેન્સર જેવી ગંભીર બીમારીની સુનામી આવશે. ઓન્કોલોજિસ્ટ્સે તેની પાછળ કેટલાક મોટા કારણો આપ્યા છે જેમ કે વૈશ્વિકીકરણ, વધતી જતી અર્થવ્યવસ્થા, વૃદ્ધાવસ્થા અને જીવનશૈલીમાં ફેરફાર.

ડો.અબ્રાહમ કહે છે કે જે રીતે ગંભીર બીમારીઓ ભારત તરફ આગળ વધી રહી છે, તેને રોકવા માટે મેડિકલ ટેક્નોલોજીને પ્રોત્સાહન આપવું ખૂબ જ જરૂરી છે., આ સદીમાં કેન્સરની સંભાળને ફરીથી આકાર આપવા માટેના છ મહત્વપૂર્ણ વલણોની યાદી આપે છે. આ પૈકી, પ્રથમ ત્રણ વલણોમાં કેન્સર નિવારણ માટેની રસી, કૃત્રિમ બુદ્ધિમત્તા, ડેટા ડિજિટલ ટેક્નોલોજીનો પ્રચાર અને લિક્વિડ બાયોપ્સીનો સમાવેશ થાય છે.



ગ્લોબલ કેન્સર ઓબ્ઝર્વેટરી (ગ્લોબોકન) અનુસાર, વર્ષ ૨૦૪૦ સુધીમાં વિશ્વમાં કેન્સરનો

(અનુ.પાના નં.૪ ઉપર)




## મહાનગરપાલિકા-નગરપાલિકાએ નાણાં ઉભા કરવા જાતે પગભર બનવું પડશેઃ મુખ્યમંત્રી

### કેન્દ્ર અને રાજ્ય સરકારમાંથી મળતા ફંડની આખી પદ્ધતિ ધીમે- ધીમે નાબુદ થતી જશે એટલે સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓએ વિકાસ કાર્યો માટે જાતે નાણાં ઉભા કરવાનો સમય આવી રહ્યો છેઃ સિસ્ટમમાં આવી રહેલા બદલાવનો સંકેત આપતા મુખ્યમંત્રી



(એજન્સી સમાચાર)

ગાંધીનગર, તા.૧૯

મહાનગરપાલિકા અને નગરપાલિકાના તંત્રવાહકોને વિકાસના કામો માટે જાતે નાણાં ઉભા કરવાના ઉપાય વિચારવાનું શરૂ કરી દેવા સલાહ આપતા ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે એવો સૂચક સંકેત આપ્યો હતો કે, ફંડ માટે રાજ્ય અને કેન્દ્ર સરકારો પર અવલંબનની સમગ્ર પધ્ધતિ તબક્કાવાર નાબુદ થઇ જશે. આવી પધ્ધતિ પર કાયમ અવલંબન રાખવાનું પરવડી ન શકે.

તાજેતરમાં તમામ મનપા અને નપાના ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને પદાધિકારીઓને ખાસ બેઠક મુખ્યમંત્રીએ ગાંધીનગર ખાતે યોજી હતી. જેમાં ભુપેન્દ્ર પટેલે સ્પષ્ટ જણાવ્યું હતું કે, કેન્દ્ર અને રાજય સરકારો પાસેથી પ્રાપ્ત થતી ગ્રાન્ટની પ્રથા તબક્કાવાર રીતે નાબુદ થઇ જશે. એટલે શહેરી સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓએ જાતે એમની આવક વધારવા માટે પગભર થવું પડશે. તેમણે સૂચન કર્યું હતું કે, વેરા વધારો, વેરાની વધુ કાર્યક્ષમ અને

(અનુ.પાના નં.૪ ઉપર)

## નબળી શાળાને સારી શાળા અભ્યાસમાં મદદરૂપ બનશે

### અમદાવાદમાં જિલ્લા શિક્ષણાધિકારીનો અનુકરણીય પ્રયોગ

(એજન્સી સમાચાર)

અમદાવાદ, તા.૧૯

એક વિદ્યાર્થી પોતાના સાથી વિદ્યાર્થીને મદદ કરે એ નવી વાત નથી. પણ કોઈ નબળી શાળાને સારી શાળા તરફથી અભ્યાસમાં મદદ કરવામાં આવે એ ખુબ જ નવતર અને અનુકરણીય પ્રયોગ કહેવાય. અમદાવાદના ડીઈઓ તંત્ર દ્વારા એક અનોખો નિર્ણય લેવામાં આવ્યો છે. જે શાળાઓમાં ધો.૧૦ થી ૧૨નું પરિણામ સતત નબળું આવતું હોય એ શાળાઓમાં વધારાની એક કલાક કોચિંગ આપવામાં આવશે. આવી શાળાઓને ઉંચી ગુણવત્તા ધરાવતી શાળાઓ તરફથી અભ્યાસમાં મદદ કરવામાં આવશે તેવું અમદાવાદ જિલ્લા શિક્ષણાધિકારી એ પરિપત્રમાં દર્શાવ્યું છે.

જિલ્લા શિક્ષણાધિકારીએ તમામ શાળાઓને પરિપત્ર પાઠવ્યો છે. નબળા પરિણામો ધરાવતી અને જ્યાં ૩૦ ટકાથી ઓછા વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયા હોય એવી શાળાઓની યાદી તૈયાર કરવામાં આવી છે. જ્યાં ઉંચી ગુણવત્તા ધરાવતી શાળાઓ આવી

(અનુ.પાના નં.૪ ઉપર)



# રસ્તા પર નડતરરૂપ ૧૨ રેકડી જપ્ત

## રાજકોટ મનપાની દબાણ હટાવ શાખા દ્વારા ૮૫ પરચુરણ ચીજવસ્તુઓ જપ્ત





**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૧૯

રાજકોટ મહાનગરપાલિકાની દબાણ હટાવ શાખા દ્વારા તા. ૧૬ થી ૧૮ સુધીમાં શહેરમાં જુદી જુદી જગ્યાએ જાહેર માર્ગો પર દબાણ રૂપ એવા રેકડી-કેબીન, અન્ય ચીજવસ્તુઓ, શાકભાજી-ફળો જપ્તી તેમજ પશુઓને આપવામાં આવતું લીલું, બોર્ડ-બેનરો વગેરે જપ્ત કરવાની કામગીરી કરવામાં આવેલ છે. રસ્તા પર નડતર રૂપ ૧૨ રેકડી તે આકાશવાણી ચોક, પાટીદાર ચોક, યુનિ.રોડ, હવેલી ચોક, ગાયત્રીનગર પરથી જપ્ત કરવામાં આવી હતી.

જેમ કે, રસ્તા પર નડતર રૂપ જુદીજુદી અન્ય ૮૫ પરચુરણ ચીજ વસ્તુઓ જપ્ત કરવામાં આવી હતી. આકાશવાણી ચોક, યુનિ.રોડ, ૧૫૦ ફુટ રિંગ રોડ, સ્ટર્લિંગ હોસ્પિટલ ચોક પરથી જપ્ત કરવામાં આવી હતી, ૧૨૦ કિ.ગ્રા. શાકભાજી-ફળો કે જે ઉપયોગમાં લઇ શકાય તેમ ન હતા તેને જંકશન રોડ, જ્યુબેલી પરાબજાર, જંકશન રોડ, પરથી જપ્ત કરવામાં આવ્યા હતા, તેમજ રૂ.૩૪,૫૦૦/- વહીવટી ચાર્જ દસ્તુરમાર્ગ, જ્યુબેલી, જંકશન રોડ, યુનિ.રોડ, પરથી વસુલ કરવામાં આવ્યો હતો, રૂ.૪૮,૫૫૦/- મંડપ ચાર્જ જે મવડી મેઈન રોડ, નાના મૌવા રોડ, પંચાયત ચોક, સાધુવાસવાણી રોડ, હેમુ ગઢવી રોડ, સ્પિડવેલ પાર્ટી પ્લોટ, , સંતકબીર રોડ, યાજ્ઞિક રોડ, પાસેથી વસુલ કરવામાં આવ્યો હતો અને ૨૫૭ બોર્ડ-બેનર તે રેસકોર્ષ, યાજ્ઞિક રોડ, આકાશવાણી ચોકથી પુષ્કરધામ રોડ,ટાગોર રોડ પરથી જપ્ત કરવામાં આવેલ.

### 'દીકરાનું ઘર' વૃધ્ધાશ્રમની રજત જયંતિ વર્ષ નિમિતે

# વડીલ વંદનાનો ભાવુક કાર્યક્રમ યોજાશે

## ૯૦ વર્ષથી ઉપરના વડીલ દંપતીને-પરિવારને સન્માનિત કરાશે

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૧૯

'દીકરાનું ઘર' વૃદ્ધાશ્રમ તેની નોખી અનોખી સેવા માટે સુપ્રસિદ્ધ છે. સમાજથી તરછોડાયેલા - ઘરથી તરછોડાયેલા કુટુંબથી અવહેલના પામેલ માવતરો માટેની સંસ્થા એટલે 'દીકરાનું ઘર' વૃદ્ધાશ્રમ છેલ્લા ૨૫ વર્ષથી રાજકોટના ભાગોળે આવેલ ધરતીપુત્રનું ઐતિહાસિક ગામ ઢોલરા ખાતે કાર્યરત છે. જેમાં હાલ ૫૪ વડીલો પોતાની પાછોતરી જીંદગીની ટાઢક પામી રહ્યા છે.

'દીકરાનું ઘર' પોતાનું રજત જયંતિ વર્ષ સેવામય રીતે સમગ્ર વર્ષ ઉજવવા જઈ રહ્યું છે ત્યારે આગામી તા.૧૪ ફેબ્રુઆરી વેલેન્ટાઈન ડે નિમિતે વડીલ વંદનાનો ભાવુક કાર્યક્રમ યોજવા જઈ રહી છે. જેમાં શહેરમાં વસતા ૯૦ વર્ષથી ઉપરના માવતરોની વંદના કરાશે, સાથોસાથ પોતાના દેવદૂત સમા મા-બાપને પરિવારમાં સાથે રાખી સેવા કરતા પરિવારજનોનું પણ સન્માન કરાશે. રાજકોટના ઈતિહાસમાં કદાચ પ્રથમ વખત આ કાર્યક્રમ યોજાવા જઈ રહ્યો છે. આ કાર્યક્રમમાં સમાજ જીવનના વિવિધ ક્ષેત્રોના મહાનુભાવો જોડાનાર છે. સમાજમાં એક સારો મેસેજ જાય, લુપ્ત થતી સંયુક્ત પરિવારની ભાવના મજબુત બને, સન્માનિત વડીલોના આયુષ્યમાં વધારો થાય એવા ભાવથી આ કાર્યક્રમ યોજાનાર છે. જેમાં ભાગ લેવા સમાજને હૃદય સ્પર્શી અપીલ છે. સંસ્થાના સ્થાપક મુકેશ દોશી, અનુપમ દોશી, નલીન તન્ના, સુનીલ વોરા, કિરીટભાઈ આદ્રોજા સહિતના મહાનુભાવો દ્વારા અપીલ કરવામાં આવી છે કે,આવા પરિવારો સંસ્થાની ઓફિસ-૩૦૫, ગુરૂરક્ષા કોમ્પલેક્ષ, ભારત ટ્રાવેલ્સની બાજુમાં, ટાગોર રોડ, વિરાણી ચોક ખાતે સાંજે ૪ થી ૭ દરમિયાન સંપર્ક કરે અથવા મુકેશ દોશી ૯૮૨૫૦૭૭૭૨૫, સુનીલ વોરા-૯૮૨૫૨૧૭૩૨૦, અનુપમ દોશી ૯૪૨૮૨૩૩૭૯૬ અને નલીન તન્ના ૯૮૨૫૭૬૫૦૫૫ ઉપર સંપર્ક કરે.

સમગ્ર આયોજન યશસ્વી બને તે માટે સંસ્થાના મોભી મૌલેશભાઈ ઉકાણી, શિવલાલભાઈ આદ્રોજા, દોલતભાઈ સતાણી, પ્રતાપભાઈ પટેલ, ધીરૂભાઈ રોકડ, હસુભાઈ રાચ્છ, ડો.નિદત બારોટ સહિતના માર્ગદર્શન પૂરું પાડી રહ્યા છે. તેમ જણાવ્યું છે. (૧૩)

# શ્રી જન કલ્યાણ ટ્રસ્ટ દ્વારા વિધવા બહેનોને રાશન કીટ વિતરણ કરાયું

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૧૯

શ્રી જન કલ્યાણ ટ્રસ્ટ નવલનગરના પ્રમુખ સવજીભાઈ મૈયડ દ્વારા જરૂરીયાતમંદ ગંગા સ્વરૂપ મહિલાઓને ૫૧ રાશનકીટ વિતરણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમની શરૂઆત દિપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મેયર પ્રદીપભાઈ ડવ, ધોરાજી-ઉપલેટાના ધારાસભ્ય મહેન્દ્રભાઈ પાડલીયા, પડધરી-ટંકારાના પૂર્વ ધારાસભ્ય બાવનજીભાઈ મેતલીયા, કિશોરભાઈ મૂંગલપરા, મનસુખભાઈ બાલા, વોર્ડ નં.૧૩ના કોર્પોરેટરો જયાબેન હરિભાઈ ડાંગર અને સોનલબેન સોનારા, રાજકોટ જીલ્લા ભાજપ મંત્રી પ્રાગજીભાઈ કાકડિયા, પ્રેસ-મીડિયા ઈન્ચાર્જ અરૂણભાઈ નિર્મળ, જીલ્લા ભાજપ શિક્ષણ સેલ કન્વીનર બીપીનભાઈ સાવલીયા, જીલ્લા ભાજપ કાર્યાલય મંત્રી અલ્પેશભાઈ અગ્રાવત, વિવેક સાતા સહિતના મહાનુભાવ ઉપસ્થિત રહ્યા હતા. અશોકભાઈ સેતાએ મહેમાનોનું શાબ્દિક સ્વાગત કરેલ હતું. આ કાર્યક્રમમાં સંસ્થાના પ્રમુખ, ટ્રસ્ટીઓ, કાર્યકર્તાઓ ઉપરાંત મહાનુભાવો દ્વારા રાશનકીટ વિતરણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સવજીભાઈ મૈયડએ સંસ્થાની માહિતી આપતા જણાવ્યું હતું કે, ટ્રસ્ટ દ્વારા રક્તદાન શિબીર, વૃક્ષારોપણ, સર્વરોગ નિદાન કેમ્પ, સર્વજ્ઞાતિ સમૂહલગ્ન, પર્યાવરણ બચાવો સહિત અનેકવિધ સમાજ ઉપયોગી કાર્યો કરે છે. કાર્યક્રમને સફળ બનાવવા મહિલા મંડળના ગીતાબેન સોજીત્રા, શીતલબેન મૈયડ, કુસુમબેન વેકરીયા તેમજ સંસ્થાના પ્રમુખ, ટ્રસ્ટી ભરતભાઈ બારડ, ઈન્દ્રજીતસિંહ, આર.ડી.સોજીત્રા, વી.સી.પરમાર, હસુભાઈ ચાવડા, મનુભાઈ પાપડવાળા, કિરીટભાઈ મૈયડ, કેવિનભાઈ મૈયડ,



જીતુભાઈ મૈયડ, વિમલભાઈ ડાંગર, લખનભાઈ, મનીષભાઈ મૈયડ ટ્રસ્ટીગણ અને સ્વયંસેવક મિત્રોએ જહેમત ઉઠાવી હતી. તેમ યાદીમાં જણાવ્યું છે. (૧૩)

# પોરબંદરની ભંગારબજારમાં થયેલ હત્યાનો ભેદ ઉકેલાયો

## પોલીસે ગણતરીના કલાકોમાં આરોપીને ઝડપી લીધો



પોરબંદર, તા.૧૯

પોરબંદરમાં તારીખ ૧૭ જાન્યુઆરીના રોજ ભંગાર બજારમાં એક લાશ મળી હતી. જેના માથા પર બોથડ પદાર્થના ઘા મારેલ હોવાનું જણાયું હતું આ બાબતે તપાસ કરતા મૃતક રમેશભાઈ ત્રિભોવનદાસ કણજારા નામના વ્યક્તિની કોઈ સાથે બોલા ચાલી થતા ઝઘડો થયો હતો અને બગવદર ગામના માલદે રામા પરમારે તેને મોતને ઘાટ ઉતાર્યો હતો. પોલીસે માલદેરામાં પરમારને ઝડપી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

પોરબંદરમાં ચોપાટી ફૂટપાથ પર રહેતા રમેશ કણજારા નામના રીક્ષાચાલક રાત્રિના સમયે બગવદર ગામના માલદે રામા પરમાર નામના શખ્સ સાથે મળ્યા ત્યારે માલદેના દીકરા ક્રિષ્નાઓને કઈ મેળ પડશે તેમ પૂછતા દીકરાએ રાડો પાડતા માલદે ઉશ્કેરાઈ ગયો હતો અને મારા દીકરાને શું કામ આવું પૂછે છે તેમ કહી બે ઝાપટ મારી દીધી હતી. ત્યારબાદ બંને વચ્ચે બોલા ચાલી થઈ હતી અને ગાળાગાળી કરી હતી થોડીવાર પછી ફરી ઝઘડો થયો હતો અને માલદે રામા પરમાર નામના શખ્સે એસટી પાછળ આવેલ ભંગાર બજારમાં રમેશ કણજારાને બોથડ પદાર્થ મારીને હત્યા નીપજાવી હતી તેમ રમેશ કણજારાની પત્ની મમતાબેને પોલીસ ફરિયાદમાં જણાવ્યું છે. પોલીસે ગણતરીના કલાકોમાં જ આરોપીને ઝડપી લીધો હતો.

આ અંગે પોલીસે તપાસ કરતા મૃતક રમેશભાઈ ત્રિભુવનદાસ કણજારા નામનો વ્યક્તિ રીક્ષા ચલાવવાનો ધંધો કરતો હતો અને પરિવારમાં તેમને છ સંતાનો અને એક પત્ની છે ત્યારે છ એ સંતાનોએ પિતાની છત્રછાયા ગુમાવી છે.

# રવિવારે રાજકોટ ચેમ્બરના સભ્ય પરિવારનું સ્નેહ મિલન

## મંત્રી ભાનુબેન બાબરીયા, કુંવરજીભાઇ બાવળીયા ઉપસ્થિત રહેશે

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૧૯

વેપાર-ઉદ્યોગની વરિષ્ઠ અને ૬૮ વર્ષની જુની મહાજન સંસ્થા 'રાજકોટ ચેમ્બરઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી'ના વિશાળ સભ્ય પરીવારનું સ્નેહ મિલન, સંગીત સંધ્યા અને સ્વરૂચી ભોજન સમારંભ તથા વિવિધ ક્ષેત્રના પ્રતિભાશાળીઓના સન્માન સમારંભનું તા.૨૨ જાન્યુઆરીને રવિવારના સાંજના ૬ વાગ્યે રોયલ-સેફોન પાર્ટી પ્લોટ, કાલાવડ રોડ, સપ્તપદી પાર્ટી પ્લોટ પાછળ, રાજકોટ ખાતે આયોજન કરવામાં આવેલ છે. આ કાર્યક્રમમાં શોભામાં અભિવૃધ્ધિ વધારવા મુખ્ય મહેમાન તરીકે ગુજરાત રાજયના કેબીનેટ મંત્રી ભાનુબેન બાબરીયા તથા કુંવરજીભાઈ બાવળીયાની તથા અતિથિ વિશેષ તરીકે સાંસદ સભ્યઓ, મંત્રીઓ, ધારાસભ્યઓ તથા મેયર તેમજ વિવિધ સંસ્થાના હોદ્દેદારો તેમજ અધિકારીઓ ઉપસ્થિત રહેશે.

રાજકોટ ચેમ્બરના સભ્યોએ પોતાના પાસ ચેમ્બરની ઓફિસેથી વ્હેલીતકે મેળવી લઈ આ કાર્યક્રમનો લાભ લેવા તમામ સભ્યોને અનુરોધ કરવામાં આવે છે, તેમ રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની યાદીમાં જણાવેલ છે.

### ગુજરાત આંગણવાડી કર્મચારી સંગઠન દ્વારા

# આંગણવાડી વર્કર બહેનોના પગાર તાત્કાલીક કરાઇ રજૂઆત

ગાંધીનગર, તા.૧૯

ગુજરાત આંગણવાડી કર્મચારી સંગઠન દ્વારા મહિલા અને બાળ વિકાસના આઇ.એ.એસ.ડી.એન. મોદીને ગુજરાત આંગણવાડી કર્મચારી સંગઠનના પ્રમુખ અરૂણ મહેતા, મહામંત્રી કૈલાસબેન રોહિત અને ઉપપ્રમુખ નસીમબેન મકરાણી દ્વારા આંગણવાડી વર્કર બહેનોના પગાર તાત્કાલીક કરવા બાબતે રજૂઆત કરવામાં આવી હતી.

રજૂઆતમાં જણાવ્યું છે કે, ગુજરાતના તમામ જીલ્લાઓમાં ગત તા.૧૬ જાન્યુઆરી સુધી આંગણવાડી વર્કર બહેનોના પગાર થયા નથી, આજના સમયમાં આ બહેનોનું ઘર પગાર ઉપર ચાલતું હોય અને નાસ્તાના બીલો પણ મોડા ન મળતા હોય તેની ચૂકવણીની પણ મુશ્કેલી થઇ છે. આથી અમારી નમ્ર અપીલ છે કે, તાત્કાલીક ગુજરાતમાં તમામ જીલ્લાઓમાં પગારો ચૂકવવાના આદેશ કરવા ડી.ડી.ઓ. અને પી.ઓ.ને તાત્કાલીક પગાર કરવા સૂચના આપવા વિનંતિ કરવામાં આવી છે. તેમ યાદીમાં જણાવ્યું છે. (૧૩)

# વિરાણી હાઇસ્કૂલ એન.સી.સી. કેમ્પમાં પ્રથમ ક્રમાંકે

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૧૯

તાજેતરમાં જામકંડોરણા ખાતે એન.સી.સી. ના એન્યુલ ટ્રેનિંગ કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં કુલ ૫૫૦ કેડેટ્સે ભાગ લીધેલ હતો. આ કેમ્પમાં એસ.વી. વિરાણી હાઇસ્કૂલના ૩૯ કેડેટ્સ ભાગ લીધેલ હતો. આ કેમ્પમાં વિવિધ પ્રવૃત્તિઓ જેવી કે ડ્રીલ, ફાયરીંગ, મેપ રિડિંગ તથા સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરેલ હતું. જેમાં વિરાણી હાઇસ્કૂલના કેડેટ બુમતરીયા વ્રજે સ્પીચ કોમ્પિટીશનમાં પ્રથમ નંબર મેળવી ગોલ્ડ મેડલ, સાકરીયા આર્યને ટેન્ટ પીચીગમાં સિલ્વર મેડલ તથા ૧૧ કેડેટોએ ડ્રીલ કોમ્પિટીશનમાં પ્રથમ નંબર મેળવી ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધારેલ છે. આ કેમ્પમાં શાળાના એન.સી.સી. ઓફિસર સી.બી. માલાણીએ માર્ગદર્શન પૂરુ પાડેલ. આ સિદ્ધિ બદલ શાળાના આચાર્ય હરેન્દ્રસિંહ ડોડીયાએ અભિનંદન પાઠવેલ છે. તેમ જણાવ્યું છે.

# રાજકોટ ક્રાઈમ

### કુંડું રાખવાના મુદ્દે પાડોશીઓ દ્વારા મહિલાને માર મારી ધમકી

રાજકોટ: રૈયા રોડ પર વૈશાલીનગર-૧૦માં ચંદ્રપ્રભુ એપાર્ટમેન્ટ પાસે રહેતાં ઝરીનાબેન બાબુખાન પઠાણ (ઉ.વ.૫૫)એ પાડોશી નિલેશ આયર, મંગલુ દરબાર, કમલેશ ભરવાડ અને સિંધો ભરવાડ સામે ગાળો દઈ તેના ડેલામાં લાત મારી નુકશાન કર્યાની અને તે બહાર નિકળતા તેને મારમારી ધમકી આપ્યાની ગાંધીગ્રામ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. ઝરીનાબેન અને નિલેશને કુંડુ રાખવા બાબતે બોલાચાલી થતા ગાળો અપાતા ઝરીનાબેને ગાળો આપવાની ના પાડતા બબાલ થઈ હતી.

### આજીડેમ ચોકડી નજીક જુગાર રમતા ૧૧ ઝબ્બે

રાજકોટ: આજીડેમ ચોકડીથી હુડકો ચોકડી તરફ જતા સર્વિસ રોડ નજીક ખૂલ્લા પ્લોટમાં જુગાર રમતાં મનીષ શ્રીરામગુપ્ત ચૌહાણ, મીંટુ ફતેબહાદુર ચૌહાણ, જયદિનંદ દ્વારા પ્રકાશ, બીપીસીંગ કલ્પનાથ ચૌહાણ, બલવંત હિરા ચૌહાણ, રોહિત શોભનાથ ચૌહાણ, સત્યેન્દ્ર નીરમલ ચૌહાણ, શીવબચન ચૌહાણ, કિશના સુર્યનાથ ચૌહાણ, શ્રીકાંત શ્રીરામજી ચૌહાણ અને જુગલ કિશોર ઉતમને રૂા.૧૨,૮૬૦ની રોકડ સાથે આજીડેમ પોલીસે પકડી લીધા હતા.

### વેપારીએ મોકલાવેલ ભંગાર બારોબાર વેચી નાખ્યો

### ૧૪ લાખનો માલ પરત નહીં મળતા ફરિયાદ

રાજકોટ: મીર ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટમાં એમ વી મેટલ્સ નામે વેપાર કરતા અશ્વિનભાઈ વસંતલાલ મહેતાએ પોલીસ કમિશનરના કરેલી લેખિત અરજીમાં ૭૨ લાખનો ભંગાર જે બેંગ્લોરથી મોકલાવ્યો હોય તે બારોબાર ચાઉં કરી જનાર અમૃત ટેકનોકાસ્ટના મયંકભાઈ નારણભાઈ બાબીયા અને એસ એમ કે ઓફીસ તમિલનાડુ સામે રજૂઆત કરી પગલા લેવા માંગણી ઉચ્ચારી છે. રજુઆતમાં જણાવ્યું હતું કે, આરોપીઓએ સાંઠ ગાંઠ રચી બેંગ્લોરની પાર્ટી લહેર સોલ્યુશન માલિક સૈયદભાઈ તેમજ સિંકગરખાન અને સલમાનભાઈ દ્વારા ૩ ટ્રકમાં ભંગારનો માલ મોકલાવ્યો હતો આ માલ ૯ નવેમ્બરના રોજ રાજકોટના ગોડાઉન ઉપર આવેલ હતો અને આ ગોડાઉનમાં ખાલી કરવાનો હતો પરંતુ તે દિવસે બુધવારે રજા હતી જેથી મયંકએ અમારી જાણ બહાર આ માલ વેચી નાખ્યો હતો. જેની ખબર પડતા વાત કર્યા પછી પણ અમને માલ પરત મળેલ નહીં આ માલ પરત અપાવવા પ્રેસર કરતા માલ બારોબાર વેચી નાખ્યો છે તેવી કબુલાત આપી હતી બાદમાં આ માલની કિંમત ૫ ડિસેમ્બરે ચૂકવી દેશું તેવું જણાવ્યું હતું, પછી ૧૩૨ ટન માલ પૈકી ૧૦૫ ટન માલ પરત આપી દીધો હતો પરંતુ હજુ ૨૭ ટન એટલે કે ૧૪ લાખ રૂપિયાનો માલ પરત લેવા માટે અનેક વખત રજૂઆત કરી હતી પરંતુ આજદિન સુધીમાલ કે પૈસા પરત નહીં આપી માનસિક ત્રાસ ગુજારતા અંતે અરજી કરી હતી આ અંગે આજી ડેમ પોલીસે પણ કોઈ પગલા નહિ લીધા હોવાનો વેપારીએ આક્ષેપ કર્યો હતો.

# ભાણવડના શિક્ષક મુકેશચંદ્ર ચાવડાને પૂ. મોરારિબાપુના હસ્તે ચિત્રકૂટ એવોર્ડ એનાયત



દેવભૂમિ દ્વારકા, તા.૧૯: દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાણવડ નવાપરાની તાલુકા પ્રાથમિક શાળા નં.૪ના શિક્ષક મુકેશચંદ્ર હરિલાલ ચાવડાને ગઇકાલે તલગાજરડા ચિત્રકૂટ ધામ મુકામે શ્રી પરમ પૂજ્ય મોરારિબાપુના વરદ હસ્તે ચિત્રકૂટ એવોર્ડ-૨૦૨૩ એનાયત કરવામાં આવ્યો હતો. શિક્ષક મુકેશચંદ્ર ચાવડાને ચિત્રકૂટ એવોર્ડ મળતા સમસ્ત મોચી સમાજનું ગૌરવ વધાર્યું છે.

# શિવસેના ગુજરાતના પ્રભારી જીમ્મીભાઇ અડવાણી દ્વારા સૌરાષ્ટ્ર અને રાજકોટના હોદેદ્દારોની કરાઇ વરણી



જયપાલસિંહ જાડેજા (સહસંયોજક)



ચંદુભાઇ પાટડીયા (રાજકોટ-જિલ્લા પ્રમુખ)



સંજયભાઇ ટાંક (રાજકોટ-જિલ્લા ઉપપ્રમુખ)



નિલેશભાઇ ચૌહાણ (રાજકોટ-જિલ્લા ઉપપ્રમુખ)

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૧૯

તાજેતરમાં શિવસેનાના મુખ્ય નેતા અને મહારાષ્ટ્રના મુખ્યમંત્રી એકનાથ શિંદે દ્વારા રાજકોટના જીમ્મીભાઈ અડવાણીને શિવસેના (બાળાસાહેબ કી )ને ગુજરાતના પ્રભારી તેમજ સતીષ આર. પાટીલને ગુજરાત રાજ્ય પ્રમુખ તેમજ સુરેશભાઈ રાવલને ગુજરાત પ્રદેશ પ્રમુખ તરીકે જાહેરાત કરીને નિયુક્ત કરાયેલ હતા.

આ અંતર્ગત જીમ્મીભાઈ અડવાણી દ્વારા સંગઠનને મજબૂત બનાવવાની નેમ અને લોકપ્રશ્નોને વાચા આપવાના નેમ સાથે સૌરાષ્ટ્રના સંયોજક તરીકે જયપાલસિંહ જાડેજા તેમજ રાજકોટ જીલ્લા પ્રમુખ તરીકે ચંદુભાઈ પાટડીયા, જીલ્લા ઉપપ્રમુખ તરીકે સંજયભાઈ ટાંક, જીલ્લા ઉપપ્રમુખ તરીકે નિલેશભાઈ ચૌહાણને હોદ્દદારો તરીકે જાહેર કરાયા હતા.


**અમારા પત્રકાર બાબતમાં કોઈ ફરિયાદ હોય તો અમને આ નંબર પર જણાવો**
**મો.9429787729**
email:-saurashtrakranti@gmail.com

# તંત્રી સ્થાનેથી...

Editorial

## બાળકો કમ્પ્યુટર રમતો રમવામાં ઘણા કલાકો વિતાવે છે ...

તાજેતરના દાયકાઓમાં કમ્પ્યુટર્સની એક્સેસ નોંધપાત્ર રીતે વધી છે, અને કમ્પ્યુટર પર ગેમ રમતા બાળકોની સંખ્યામાં પણ વધારો થયો છે. લોકો આ દિવસોમાં પહેલા કરતા વધુ વ્યાપકપણે કમ્પ્યુટરનો ઉપયોગ કરે છે, અને તે આપણા આધુનિક વિશ્વમાં એટલું વ્યાપક છે કે બાળકોને પણ રમતો રમવા માટે આ ઉપકરણોની એક્સેસ છે. આ નિબંધ યુવાનો દ્વારા કમ્પ્યુટર ઉપકરણો પર ડિજિટલ ગેમ્સ રમવાના ગેરફાયદા વિશે ચર્ચા કરે છે અને તેની નકારાત્મક અસરોને ઘટાડવા માટે કેટલાક પગલાં સૂચવે છે.

નાના બાળકો વિડિયો ગેમ્સ રમવાની પ્રતિકૂળ અસરોને લગતા, સૌથી વિનાશક એ આ ગેમ્સનું વ્યસન છે. કોમ્પ્યુટર ગેમ્સ બનાવવા માટે લાખો ડોલરનો ખર્ચ કરવામાં આવે છે જેથી તેઓ મોટી સંખ્યામાં પ્રેક્ષકોને આકર્ષે અને તેમને કોમ્પ્યુટર સ્ક્રીન પર ચોંટાડી રાખે. તેથી તેઓ ડિઝાઇન દ્વારા વ્યસની છે અને આ જુસ્સો બાળકોની આઉટડોર પ્રવૃત્તિઓ, અભ્યાસ અને સામાજિક બનાવવા અને મહત્વપૂર્ણ જીવન કૌશલ્યો શીખવા માટેના સમયને અવરોધે છે. ઉદાહરણ તરીકે, ઘણા સંશોધન કાર્ય સૂચવે છે કે જે બાળકો દરરોજ કમ્પ્યુટર રમતો રમવામાં ઘણા કલાકો વિતાવે છે તેઓ શાળાઓમાં ખરાબ પ્રદર્શન કરે છે અને સામાજિક કાર્યક્રમો અને આઉટડોર પ્રવૃત્તિઓ ટાળે છે. તે નબળી દ્રષ્ટિ અને નિરાશા સહિત શારીરિક અને માનસિક સમસ્યાઓમાં પરિણમે છે. વધુમાં, હિંસક રમતો યુવાનોના નિર્ણયને ઢાંકી દે છે અને તેમના તર્કસંગત વિચારને અસ્થિર બનાવે છે. ઘણીવાર, હિંસક રમતો રમતા યુવાનો હિંસક વર્તન કરે છે. એક ઉદાહરણ ટાંકવા માટે, એક કમનસીબ ગોળીબારની ઘટના કે જેમાં ઘણા નિર્દોષ લોકોના જીવ ગયાનો દાવો કરવામાં આવ્યો હતો તે થોડા વર્ષો પહેલા એક કિશોર દ્વારા કરવામાં આવી હતી જે શૂટિંગ ગેમ્સના વ્યસની હતી.

સકારાત્મક અસરોના સંદર્ભમાં, કમ્પ્યુટર રમતો રમવાથી બાળકોની જ્ઞાનાત્મક કુશળતાનો વિકાસ થઈ શકે છે. ઘણી લોકપ્રિય રમતોમાં જીતવા માટે અમૂર્ત અને ઉચ્ચ સ્તરીય વિચારસરણીની કૌશલ્યની જરૂર હોય છે, જે કૌશલ્યો શાળામાં શીખવવામાં આવતાં નથી. ઉદાહરણ તરીકે, બાળકોએ સૂચનાઓનું પાલન કરવું, જટિલ સમસ્યાઓ હલ કરવી અને હાલમાં લોકપ્રિય છે તેવી ઘણી રમતોમાં તર્કનો ઉપયોગ કરવાની જરૂર છે. આવો અનુભવ બાળકની પુખ્ત વયની પ્રગતિ માટે ફાયદાકારક રહેશે.

# નિયમભંગ બદલ વાહન ચાલકોને રૂ.૧૫ લાખથી વધુનો દંડ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૯

રાજકોટ શહેર ટ્રાફિક પોલીસ દ્વારા ગત તા. ૧૧ જાન્યુઆરીથી ૧૭ જાન્યુઆરી સુધી ૩૩ માં 'માર્ગ સલામતી સપ્તાહ'ની ઉજવણી કરવામાં આવી હતી. જે અન્વયે માર્ગ પર થતા અકસ્માતોના બનાવો નિવારવા અને વાહન ચાલકોએ વાહન ચલાવતી વખતે રાખવાની સુરક્ષા અંગે જાગૃત કરવા જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.



## ૨,૮૧૭ એન.સી.કેસ નોંધાયાઃ રાજકોટ શહેરમાં માર્ગ સલામતી સપ્તાહની ઉજવણી સફળતા પૂર્વક સંપન્ન : ટ્રાફિક અવેરનેસ પ્રોગ્રામ તથા આઈ મેડિકલ ચેક-અપ કેમ્પ યોજાયો

રાજકોટ શહેર ટ્રાફિક એ.સી.પી. જે.બી.ગઢવીએ આ પ્રસંગે જણાવ્યું હતું કે માર્ગ સલામતી સપ્તાહ દરમિયાન ટ્રાફિક અવેરનેસ માટે યોજાયેલા ૨૩ કાર્યક્રમોનો ૩૩૭૫ લોકોએ લાભ લીધો હતો.૩ આઈ ચેક-અપ કેમ્પમાં ૨૫૬ વાહન ચાલકો અને રાહદારીઓની આંખોનું મેડિકલ ચેક-અપ કરવામાં આવ્યું હતું.અનેક વાહનો ઉપર રીફ્લેક્ટર લાઈટ, રેડિયમ ટેપ અને યલ્લો ટેપ પણ લગાવવામાં આવી હતી. માર્ગ સલામતી વિશે જનજાગૃતિ લાવવા ૧૪૦ જેટલા હોર્ડિંગ લગાવવામાં આવ્યા હતા.શહેરમાં કુલ ૨૮૧૭ નોન કોગ્નીઝેબલ કેસ નોંધવામાં આવ્યા હતા. તેમજ ટ્રાફિક નિયમોના ભંગ બદલ સ્થળ ઉપર જ રૂ. ૧૫,૫૬,૨૦૦નો દંડ કરવામાં આવ્યો હતો.

આ ઉપરાંત, રાજકોટ શહેર ટ્રાફિક પોલીસ તથા રાજકોટ આર.ટી.ઓ.ના સંયુક્ત ઉપક્રમે ગ્રીન લેન્ડ ચોકડી ખાતે વ્હિકલ બ્રેક ચેક કેમ્પ યોજવામાં આવ્યો હતો. બસ પોર્ટ ખાતે એસ.ટી. બસના ડ્રાઈવર અને કંડક્ટરની આંખોનું ચેક-અપ કરાયું હતું.

બાલભવન ખાતે માર્ગ સલામતીના ચિત્રોનું પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. સરકારી શાળાઓ અને ખાનગી શાળાઓમાં વિદ્યાર્થીઓને ટ્રાફિક નિયમો અંગે માહિતગાર કરવામાં આવ્યા હતા.તેમજ શહેર ટ્રાફિક પોલીસ દ્વારા પોલીસ હેડ ક્વાર્ટરથી હનુમાન મઢી ચોકથી કોટેચા ચોક થઈ મહિલા કોલેજ ચોક, જિલ્લા પંચાયત ચોકથી PHQ ચોક તાલીમ ભવન સુધી હેલ્મેટ પહેરી વાહન રેલી મારફતે લોકોને હેલ્મેટ પહેરવા જાગૃત કરવામાં આવ્યા હતા. જાહેર માર્ગો પર 'વાહન ધીમે ચલાવો', 'ઘરે તમારી કોઈ રાહ જુએ છે' જેવા સૂત્રોના લખાણના બેનરો સાથે રેલી યોજી વાહન અકસ્માતો અટકાવવાના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા હતા.

# આગામી સમયમાં શીત લહેરોની સંભાવનાઃ સ્થાનિક હવામાન વિભાગે કરેલી આગાહી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૯

શિયાળાની ઋતુ દરમ્યાન હવામાન વિભાગ દ્વારા કોલ્ડવેવની આગાહી કરવામાં આવી છે.

જે અંતર્ગત દરેક લોકો ઠંડીથી આગામી સમયમાં બહુવિધ સ્તરવાળા કપડા મદદરૂપ થાય છે.ઘરના દરવાજા બારીઓ યોગ્ય રીતે બંધ રાખવા.શરદીમાં આરોગ્ય કર્મચારી ડોકટરની સલાહ લો, શકય તેટલું ઘરની અંદર રહો અને ઠંડા પવન,વરસાદ વગેરેથી બચો,ભીના કપડા તરત બદલો.

આ ઉપરાંત તંદુરસ્ત ખોરાક લો તેમજ વિટામીન-સી થી ભરપુર ફળો શાકભાજીનું સેવન કરીને સમયાંતરે ગરમ પ્રવાહી પીતા રહો. તેલ,પેટ્રોલીયમ જેલી વગેરે વડે ત્વચાને મોઈશ્ચરાઈઝ રાખો.

વૃધ્ધો, બાળકો, નવજાત શિશુઓની ખાસ સંભાળ રાખો. જરૂરીયાત મુજબ અનાજ,ખોરાક વગેરેનો પુરતો પુરવઠો સ્ટોર કરો. ઉર્જા બચાવો, રૂમ હીટર જેવા હીટીંગ ઉપકરણોનો ઉપયોગ કરો તથા વેન્ટીલેશનની ખાત્રી કરો. પાલતુ પ્રાણીઓને ઠંડીથી બચાવો.

શીત લહેરોના સંપર્કમાં આવવાથી હાયપોથર્મિયા થઈ શકે છે. શરીરના તાપમાનમાં ઘટાડો જે ધ્રુજારી, બોલવામાં મુશ્કેલી, ઉંઘ, સ્નાયુઓ સખત, ભારે શ્વાસ, નબળાઈ અને અથવા ચેતનાના નુકશાનનું કારણ બની શકે છે. હાયપોથર્મિયાએ તબીબી કટોકટી છે. જેને તાત્કાલીક તબીબી સહાયની જરૂર જણાય સરકારી હોસ્પિટલમાં રાઉન્ડ ધી કલોક તબીબની ટીમ સ્ટેન્ડ બાય રાખવામાં આવેલી છે. કોલ્ડવેવ દરમ્યાન ખુલ્લી જગ્યામાં રસ્તા ફુટપાળી ઉપર બસ સ્ટેશન વગેરે જગ્યાએ રાત્રે ઉંઘવાનું રહેવાનું ટાળો તથા જરૂર જણાય ગ્રામ્ય વિસ્તારમાં સ્થાનિક તલાટીકમમંત્રી તથા નગરપાલિકા વિસ્તારમાં જસદણ નગરપાલિકાના ડો.આંબેડકર ભવન આશ્રય સ્થાને સંજયભાઈ ડાભી - મો.નં.૮૮૪૯૩ ૪૬૬૦૨નો સંપર્ક કરવા મામલતદાર કચેરી,જસદણની યાદીમાં જણાવાયું છે.

**વાચકોએ નોંધ લેવી**

**કે કોઇપણ જાહેર ખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઇ બાહેંધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પુરતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.**

**વ્યવસ્થાપક: સૌરાષ્ટ્ર ક્રાંતી**

## રાજ્ય કક્ષાની ઊજવણી નિમિત્તે બોટાદ ખાતે

# મેઘાણી વંદના કસુંબલ લોકડાયરોનું ભવ્ય આયોજન



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૯

નવી પેઢી આપણાં ગૌરવવંતા સાહિત્ય સંગીત - સંસ્કૃતિની મહામૂલી વિરાસતથી પરિચિત - પ્રેરિત થાય તેમજ રાષ્ટ્રભાવના - દેશપ્રેમ જાગૃત થાય તે આશયથી રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગુજરાત રાજ્ય ઉપક્રમે ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી તથા ઝવેરચંદ મેઘાણી સ્મૃતિ સંસ્થાન દ્વારા પ્રેરક આયોજન કરાયું છે.

આઝાદીના અમૃત મહોત્સવની ઊજવણી અંતર્ગત રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની કર્મ-નિર્વાણભૂમિ બોટાદ ખાતે ૭૪ મા પ્રજાસત્તાક દિનની રાજ્ય કક્ષાની ઊજવણી નિમિત્તે તા.૨૨ જાન્યુઆરીને રવિવાર રાત્રે ૯ કલાકે નાનાજી દેશમુખ ઑડિટોરિયમ, સ્વામી વિવેકાનંદ સેવા સદન, બોટાદ નગરપાલિકા, સ્ટેશન રોડ ખાતે મેઘાણી વંદના (કસુંબલ લોકડાયરો)નું ઝવેરચંદ મેઘાણીના પૌત્ર પિનાકી નાનકભાઈ મેઘાણી (મો. ૯૮૨૫૦૨૧૨૭૯) સ્થાપિત ઝવેરચંદ મેઘાણી સ્મૃતિ સંસ્થાન, અમદાવાદ દ્વારા આ પ્રેરક આયોજન કરાયું છે. બોટાદ જિલ્લા વહીવટી તંત્ર,બોટાદ જિલ્લા પોલીસ તથા બોટાદ નગરપાલિકાનો પણ સહયોગ પ્રાપ્ત થયો છે.

## રૂડાની નગર રચના યોજનાઓના ટી.પી.રોડની કામગીરી પુરજોશમાં

# રોડ માટે જમીન કબ્જા મેળવવાની કામગીરી ચાલુ : દબાણ દૂર કરાશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૯

રાજકોટ શહેરી વિકાસ સત્તા મંડળ(રૂડા)દ્વારા સૂચિત નગર રચના યોજનાઓની કામગીરી ઝડપથી થાય તે માટે સૂચિત નગર રચના યોજના નં.૩૮/૨ (મનહરપુર - રોણકી) તથા સૂચિત નગર રચના યોજના નં. ૪૧ (સોખડા - માલિયાસણ) નગર રચના યોજનાઓ મંજૂર થયેલ છે.

આ યોજનાઓમાં સમાવિષ્ટ ટીપી રોડના અમલીકરણ અંગે રે.સર્વેના ખાતેદારો પાસેથી તેમની માલિકીની જમીનમાંથી પસાર થતા રોડના કબ્જા મેળવવાની કામગીરી ચાલુ છે.

મુસદ્દારૂપ નગરરચના યોજના નં.૩૮/૨ (મનહરપુર-રોણકી) સ્કીમમાં સમાવિષ્ટ ૪૫ મીટર સ્ટેટ હાઇ-વે મોરબી બાયપાસ કાર્યરત છે, તે સિવાયના સ્કીમમાં આશરે ૩૨% રોડ સ્થળ પર ખુલ્લા તથા મેટલિંગ અને ડામર થયેલ છે. ઉપરાંત યોજના નં.૪૧ (સોખડા - માલિયાસણ) માં સમાવિષ્ટ ટીપી રોડ પૈકી આશરે ૧૭% રોડ સ્થળ પર ખુલ્લા તથા મેટલિંગ થયેલ છે તેમજ બંને સ્કીમમાં ૪૫ મી.,૩૦ મી., ૨૪ મી.,૧૮ મી. અને ૧૫ મી. સુધીના રોડનો સમાવેશ થાય છે.

આગામી યોજના નં.૪૧ (સોખડા - માલિયાસણ)માં આંશિક રોડ પર બાંધકામોનું દબાણ દૂર કરવા માટેની કાર્યવાહી શરૂ કરવામાં આવશે.બંને નગર યોજનામાં રોડના ૧૦૦% કબ્જા મળ્યેથી બાકી રહેતા રોડ માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેથી આ વિકસતા વિસ્તારોમાં પાયાની પ્રાથમિક સુવિધારૂપ રસ્તાની સવલત લોકોને પ્રાપ્ત થતા વિસ્તારનો વિકાસ વેગવંતો બનશે.

# ગુજરાતમાં G20 મિટિંગના રિયલટાઇમ અપડેટ સોશિયલ મીડિયાના માધ્યમથી મળશે

## ગુજરાતમાં G20ના સત્તાવાર સોશિયલ મીડિયા અકાઉન્ટ શરૂ થયા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૯

આપણે જ્યારે 'આઝાદી કા અમૃત મહોત્સવ' ઉજવી રહ્યા છીએ ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારતને G20 નું પ્રમુખપદ મળ્યું,તે એક ઐતિહાસિક ક્ષણ બની છે.

ભારતે ૧ ડિસેમ્બર, ૨૦૨૨ ના રોજ એક વર્ષ માટે G20 નું પ્રમુખપદ ગ્રહણ કર્યું છે. આ દરમિયાન ૨૨ થી ૨૪ જાન્યુઆરી સુધી બિઝનેસ 20 (B20) ની શરૂઆતની બેઠકોનું આયોજન ગાંધીનગરમાં કરવામાં આવ્યું છે.અલગ અલગ સ્થળોએ કુલ ૧૫ G20 બેઠકોની યજમાની કરવા માટે ગુજરાત સજ્જ છે. રાજ્યમાં વિવિધ સ્થળો. ગુજરાતમાં ધિરાણ,બેંકિંગ, વેપાર અને રોકાણ,ઉર્જા, શહેરી વિકાસ,પર્યાવરણ અને આબોહવા, પર્યટન અને મહિલા સશક્તિકરણને લગતી મહત્વપૂર્ણ G20 ઈવેન્ટ્સનું આયોજન કરશે.

ગુજરાતમાં G20 અંગેના સમયસરના અપડેટ અને જાણકારીને લોકો સુધી પહોંચાડવા માટે સત્તાવાર સોશિયલ મીડિયા ચેનલ લાઇવ થઇ ગયા છે. તેમાં G20ના અપડેટ્સ સાથે અન્ય રસપ્રદ માહિતી તેમજ ગુજરાતની સંસ્કૃતિને પણ દર્શાવવામાં આવશે. ડિજીટલ માધ્યમથી ગુજરાતની સંસ્કૃતિ,વારસો અને ખાસિયતોને વિશ્વ સમક્ષ પ્રસ્તુત કરવામાં આવશે અને અહીં પધારેલા ડેલિગેટ્સ પણ તેનાથી માહિતગાર થશે. અત્યાર સુધી આ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર મુખ્યમંત્રી તેમજ નાણાં મંત્રીના વીડિયો સંદેશ અને ગુજરાતની સંસ્કૃતિની ઝાંખી રજૂ કરવામાં આવી છે.

**Rajkot Municipal Corporation**
**:: e-Tender Notice ::**

Rajkot Municipal Corporation, Water Works Project Department, Dr. Ambedkar Bhavan, Dhebarbhai Road, Rajkot-360001, invites e-Tenders with two bid system by e- tendering from the contractors registered in State Government/ Central Government in appropriate class for the following works:

1. Zonal Contract for repairing/maintenance of Pipe Line at Head Works/Pumping stations/Filter Plants and laying of new pipeline, main pipeline (with all types of pipeline) BHADAR Zone area (Zone-V) for the Year 2022-23 (RE-TENDER)
2. Zonal Contract for Civil Works in Filter Plant, ESR-GSR, Pumping Station and Pipe line etc. under Water Works Project department in CENTRAL zone + BHADAR Zone [zone i] for the Year 2022-23 (RE-TENDER)

The dates for downloading and online submission of online eTender at www.rmc.nprocure. com is 20/01/2023 to 09/02/2023 up to 17.00 hours and 18.00 Hours respectively.

Sd/-
ADDITIONAL CITY ENGINEER
WATER WORKS PROJECTS
RAJKOT MUNICIPAL CORPORATION

# કોલ્ડવેવથી બચવા હવામાન વિભાગની સૂચનાઓ જાહેર

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)



રાજકોટ, તા.૧૯

શિયાળાની ઋતુ દરમ્યાન હવામાન વિભાગ દ્વારા કોલ્ડવેવની આગાહી કરવામાં આવી છે. જેથી દરેક લોકોએ ઠંડીથી બચવા ગરમ કપડા તેમજ સ્વેટર, મફલર, ગરમ ટોપીનો ઉપયોગ કરવો, વધુ ઠંડી હોય ત્યારે મોટી ઉંમરના વૃધ્ધ તેમજ બીમાર વ્યક્તિઓ અને નાના બાળકોએ ઘરમાં જ રહેવું, ઠંડી દરમ્યાન વધુ કેલેરીવાળો ખોરાક લેવો તેમજ સવારના સમયે ઠંડીથી બચવા સુર્યતાપમાં રહેવું. ઘરના બારીબારણા બંધ રાખવા, ઠંડીની અસર હેઠળ કોઈપણ તકલીફ જણાય તો તાત્કાલીક નજીકના સરકારી દવાખાનાનો સંપર્ક કરી જરૂરી સારવાર મેળવી લેવી. પશુધનને ઠંડીથી બચાવવા પવનના સીધા સંપર્કમાં ન આવે તે માટે રાત્રી દરમ્યાન પશુ રહેણાકને ચારે બાજુથી ઢાંકીને રાખવા માટે દરેક પશુપાલકોને અનુરોધ કરવાનાં આવે છે. તેમ વિંછીયા મામલતદારની યાદીમાં જણાવાયું છે.



# સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનો ૫૭ મો પદવીદાન સમારંભ યોજાશે



## ૫૭ માં પદવીદાન સમારંભનું લાઈવ પ્રસારણ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની વેબસાઈટ www.saurashtrauniversity.edu, Youtube ચેનલ તથા ફેસબુક પેઈજ પરથી કરાશે

**આવતીકાલે પદવીદાન સમારંભમાં ૧૪ વિદ્યાશાખાના ૪૩૦૬૨ દિક્ષાર્થીઓને પદવીઓ એનાયત કરવામાં આવશે**

**૧૩ વિદ્યાશાખાના ૧૨૬ વિદ્યાર્થીઓને ૧૪૭ ગોલ્ડમેડલ અર્પણ કરાશે**

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૧૯

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનો ૫૭ મો પદવીદાન સમારંભ તા.૨૦ ને શુક્રવારના રોજ સવારે ૧૧:૩૦ કલાકે ગુજરાત રાજયના મહામહિમ રાજયપાલ અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલાધિપતિ આચાર્ય દેવવ્રતજીના અધ્યક્ષસ્થાને, ગુજરાત રાજયના શિક્ષણમંત્રી ઋષિકેશભાઈ પટેલ તથા રાજયકક્ષાના શિક્ષણમંત્રી પ્રફુલભાઈ પાનસેરીયાની ખાસ ઉપસ્થિતિમાં યોજાનાર છે. આ કાર્યક્રમમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની ૧૪ વિદ્યાશાખાના ૪૩૦૬૨ દિક્ષાર્થીઓને પદવીઓ તથા ૧૪૭ ગોલ્ડમેડલ એનાયત કરવામાં આવશે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ૫૭ માં ગરીમાપૂર્ણ પદવીદાન સમારંભમાં પદવી મેળવનાર તથા તમામ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ, તેમના વાલીઓ તથા સંબંધકર્તાઓએ પદવીદાન સમારંભના લાઈવ પ્રસારણનો લાભ લેવા અનુરોધ છે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ૫૭ માં પદવીદાન સમારંભનું www.saurashtrauniversity.edu, saurashtra Unikversity Youtube Page અને Facebook Page પરથી લાઈવ પ્રસારણ કરવામાં આવશે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ૫૭ માં પદવીદાન સમારોહમાં ગુજરાત રાજયની જુદી જુદી યુનિવર્સિટીઓના કુલપતિઓ ખાસ ઉપસ્થિત રહી સુવર્ણચંદ્રક મેળવનાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરશે.

૫૭ માં પદવીદાન સમારોહમાં કુલ ૧૩ વિદ્યાશાખાના ૧૨૬ વિદ્યાર્થીઓને કુલ ૧૪૭ ગોલ્ડમેડલ એનાયત કરવામાં આવશે જેમાં દાતાઓ તરફથી કુલ ૬૬ ગોલ્ડમેડલ અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી તરફથી કુલ ૮૧ ગોલ્ડમેડલ એનાયત કરવામાં આવશે. આ ગોલ્ડમેડલ મેળવનાર વિદ્યાર્થીઓને આ પદવીદાન સમારોહમાં વુડનના વિશિષ્ટ બોક્ષમાં પદવી એનાયત કરાશે.

એમ.પી. શાહ મેડિકલ કોલેજ, જામનગરની વિદ્યાર્થીની શ્રી આનંદ તાન્યા ઈન્દ્રપાલને એમ્.બી.બી.એસ. માં સૌથી વધુ ૧૦ (દસ) ગોલ્ડમેડલ અને ૧૫ પ્રાઇઝ, પી.ડી.યુ. સરકારી મેડીકલ કોલેજ, રાજકોટની વિદ્યાર્થીની કાપડીયા ધીરતા અતુલભાઈને એમ્.એસ. બ્રાન્ચ-૧ જનરલ સર્જરીમાં ૦૩ (ત્રણ) ગોલ્ડમેડલ, એમ.પી. શાહ મેડિકલ કોલેજ, જામનગરના વિદ્યાર્થી વડાલીયા અક્ષત કેશુભાઈને એમ્.એસ. બ્રાન્ચ-૧ જનરલ સર્જરીમાં ૦૩ (ત્રણ) ગોલ્ડમેડલ, ગાયત્રી ગુરૂકૃપા બી.એડ. કોલેજ, લાઠીના વિદ્યાર્થી લશ્કરી તુષાર રાજુભાઈને એલ.એલ.બી. સેમ-૬ માં ૦૩ (ત્રણ) ગોલ્ડમેડલ, દોશી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, વાંકાનેરની વિદ્યાર્થીની વોરા હેતલબેન ત્રિભોવનભાઈને બી.એ. ગુજરાતીમાં ૦૩ (ત્રણ) ગોલ્ડમેડલ એનાયત થશે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ૫૭ મા પદવીદાન સમારોહની ભવ્ય સફળતા માટે જુદી જુદી કમિટીઓની રચના કરવામાં આવેલ છે.

ગરીમાપૂર્ણ ૫૭ માં પદવીદાન સમારોહને સફળ બનાવવા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ પ્રો઼ફે. ગિરીશભાઈ ભીમાણીના માર્ગદર્શન હેઠળ પરીક્ષા નિયામક નીલેષભાઈ સોની, પરીક્ષા ડિગ્રી વિભાગ તથા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના શૈક્ષણિક અને બિનશૈક્ષણિક પરિવારના સૌ કાર્યરત છે. તેમ જણાવ્યું છે.

**પદવીદાન સમારોહમાં વિવિધ વિદ્યાશાખામાં ડીગ્રી મેળવનાર વિદ્યાર્થીઓ**

| વિદ્યાશાખા | પદવીઓની સંખ્યા |
|---|---|
| વિનયન વિદ્યાશાખા | ૧૨૧૫૯ |
| શિક્ષણ વિદ્યાશાખા | ૪૦૪૩ |
| વિજ્ઞાન વિદ્યાશાખા | ૬૭૩૩ |
| ઈજનેરી વિદ્યાશાખા | ૦૨ |
| કાયદા વિદ્યાશાખા | ૧૮૭૯ |
| તબીબી વિદ્યાશાખા | ૧૭૫૪ |
| વાણિજય વિદ્યાશાખા | ૧૩૯૯૫ |
| ગ્રામવિદ્યા વિદ્યાશાખા | ૧૭૨ |
| ગૃહવિજ્ઞાન વિદ્યાશાખા | ૨૧૨ |
| હોમિયોપેથીક વિદ્યાશાખા | ૭૯ |
| બિઝનેસ મેનેજમેન્ટ વિદ્યાશાખા | ૧૮૬૩ |
| આર્કીટેકચર વિદ્યાશાખા | ૪૦ |
| પરફોર્મીંગ આર્ટસ વિદ્યાશાખા | ૨૮ |
| ફાર્મસી વિદ્યાશાખા | ૧૦૩ |
| કુલ | ૪૩૦૬૨ |

# જનસેવા ટ્રસ્ટ દ્વારા વાર્ષિક કાર્યક્રમ યોજાયો




**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૧૯

શ્રી જનસેવા ટ્રસ્ટ દ્વારા પારસ કોમ્યુનિટી હોલમાં વાર્ષિક કાર્યક્રમ યોજવામાં આવેલ હતો. મોટી બિમારીમાં જરૂરિયાતમંદ હોય તેવા હાર્ટ, કેન્સર, કીડની ફેઇલ્યોર, થેલેસેમિયા, પેરાલીસીસ વગેરે દર્દીઓને દવા, તબીબી તથા અન્ય મેડિકલ સહાય આપવામાં આવે છે જેમાં કાયમી બીમારીમાં સંસ્થા મેડિકલ સ્ટોર્સમાંથી દવા પૂરી પાડે છે. કીડની ફેઇલ્યોરનાં દર્દીઓને ડાયાલીસીસમાં તથા હીમોગ્લોબીનના ઈન્જેકશન પૂરા પાડે છે. કેન્સરનાં દર્દીઓને ડાયરેકટ કેન્સર હોસ્પિટલનાં નામનો ચેક આપીને મદદ કરે છે. હોસ્પિટલાઈઝેશન, ઓપરેશન તથા લેબોરેટરી ચેકઅપમાં સંસ્થા નકકી કરેલ મર્યાદામાં ચેક આપીને મદદ કરે છે. આ સંસ્થા સાથે લગભગ તમામ ફેકલ્ટીનાં ડોકટરોની સેવા ઉપલબ્ધ છે જેનો લાભ પણ દર્દીઓને મળી રહ્યો છે. મેડિકલ સાધનો જેવા કે ઓકિસજનના મશીન વગેરે વાપરવા માટે પણ પૂરા પાડે છે તેમજ ગરીબ દર્દીઓને જરૂર પડયે લોહી પણ પૂરૂ પાડે છે. સૌ પ્રથમ નવા જુના ગીતોની સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ હતું.

ડો. બબીતાબેન હપાણીએ કેન્સર અવેરનેસ વિશે રસપ્રદ વ્યાખ્યાન અપાયું હતું. ત્યારબાદ જીલ્લા પંચાયતના ઓફિસર નિખિલ જાદવ દ્વારા આયુષ્યમાન કાર્ડ યોજના વિશે સૌને માહીતગાર કરવામાં આવેલ હતા. ધારાસભ્ય ડો.દર્શિતાબેન શાહ દ્વારા સંસ્થાની કામગીરીને વખાણી સૌને કાર્ય માટે પ્રેરણા આપેલ હતી. ત્યારબાદ સંસ્થાના કાર્યોની આછેરી ઝલક શ્રી જનસેવા ટ્રસ્ટના અજયભાઈ વખારીયા દ્વારા આપવામાં આવેલ હતી. શ્રી જનસેવા ટ્રસ્ટના પ્રમુખ અજયભાઈ વખારીયાની યાદીમાં જણાવ્યું છે.

# આપઘાતની ફરજ પાડવાના ગુન્હામાં આરોપીનો નિર્દોષ છુટકારો


એડવોકેટ: દુર્ગેશ ધનકાણી

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૧૯

જસદણ પંથકમાં ત્રાસ આપીને યુવાનને રાજકોટ ખાતે ટ્રેન હેઠળ ઝંપલાવી મજબૂર કરવાના કેસમાં અદાલતે જસદણના અન્ય એક શખ્સનો છુટકારો ફરમાવ્યો છે.

આ અંગેની હકીકત મુજબ જસદણમાં રહેતા બાબુભાઈ ચકુભાઈ કુકડીયાએ તા. ૧૩/ ૭/ ૨૦૧૫ના રોજ રાજકોટ મુકામે રેલવેના પાટામાં આત્મહત્યા કરી હતી. જેમાં પોલીસે તપાસ કરતા આત્મહત્યા કરનાર પાસેથી એક નોટબુકમાં આત્મહત્યા કરવાનું કારણ લખેલ હોય, જે સ્યુસાઈડ નોટમાં જસદણમાં રહેતા વિઠલભાઈ નારણભાઈ રાઠોડનું નામ હોય, પત્નિની ફરિયાદના આધારે આ વિઠલ નારણભાઈ રાઠોડ વિરૂધ્ધ પોલીસે આત્મહત્યા કરવા માટે મજબુર કરવાની આઈ.પી.સી. ની કલમ ૩૦૬ મુજબની કલમ હેઠળ ગુન્હો નોંધેલ. જે કેસની તપાસ કરીને પોલીસે ચાર્જશીટ રજુ કરેલ, તેમજ આત્મહત્યા કરનાર પાસેથી મળી આવેલ સ્યુસાઈડ નોટનો એફ.એસ.એલ. રિર્પોટમાં સ્યુસાઈડ નોટમાં લખાયેલ અક્ષર આત્મહત્યા કરનાર વ્યકિતના જ હોવાનું સાબિત થયું હતું. જેમાં કોર્ટ કાર્યવાહી ચાલવા આવતા આરોપી વતી રોકાયેલા એડવોકેટ દુર્ગેશ જી. ધનકાણીએ આરોપીના બચાવમાં પ્રશ્નોતરી કરેલ અને કોર્ટમાં કાયદાની તમામ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ દલીલ ઉપર કેસ આવતા. બન્ને પક્ષકારોના એડવોકેટે દલીલો કરેલ તથા પોત પોતાના કેસને કોર્ટ સમક્ષ રજુ કરેલ તથા ઉચ્ચ અદાલતોના ચુકાદાઓ ધ્યાને લાવેલ (રજુ કરેલ) હોય જેમાં કોર્ટે એડવોકેટ દુર્ગેશ જી. ધનકાણીની દલીલો તથા રજૂઆતોને ધ્યાને લીધેલ અને રાજકોટના સેશન્સ જજ બી.ડી.પટેલે આરોપી વીઠલ નારણભાઈ રાઠોડને આઈ.પી.સી ૩૦૬ મુજબના ગુન્હામાંથી નિર્દોષ છોડી મુકવાનો આદેશ ફરમાવેલ છે.

આ કેસમાં આરોપી વિઠલભાઈ નારણભાઈ રાઠોડ વતી એડવોકેટ દુર્ગેશ જી. ધનકાણી, વિજય સીતાપરા,પ્રદીપ બોરીચા, રંજનબા એચ. જાડેજા તથા વિવેક સોજીત્રા રોકાયા હતા.

# ગાંધીગ્રામ પોલીસે કરેલ ચાર્જશીટમાં આરોપીઓની ડીસ્ચાર્જ અરજી મંજૂર કરતી કોર્ટ


એડવોકેટ: હર્ષ ત્રિવેદી

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૧૯

વાંકાનેરના રહીશ ઋષીભાઈ વિનેશભાઈ જોબનપુત્રા વાંકાનેર તરફથી માધાપર ચોકડી તરફ આવતા હતા તે સમયે માધાપર ચોકડી પાસે વાહન ચેકીંગની કાર્યવાહી પી.એસ.આઈ. એમ.બી. જેબલીયા તથા પોલીસ સ્ટાફના માણસો વાહન ચેકીંગની ફરજ બજાવતા હતા અને વાહન ચેકીંગની કાર્યવાહી કરતા હતા તે દરમિયાન યામાહા કંપનીનું આર-૧૫ મોટરસાયકલ ડબલ સવારીમાં વાંકાનેર તરફથી માધાપર ચોકડી તરફ આવતું હતું. જેને આગળની નંબર પ્લેટ ન હોય જેથી પી.એસ.આઈ. એ તેને રોકી સાઈડમાં લેવડાવી તેઓની પાસેથી વાહનના રજીસ્ટરના કાગળો તથા લાયસન્સ માંગેલ. જેથી ઋષીભાઈએ તથા વિશ્વદીપભાઈએ કાગળો રજુ કરેલ નહી તેથી પોલીસ અધિકારીએ બંનેના નામ-સરનામા પુછી વાહન ડીટેઈન કરવાનું કહેલ તેવા સમયે આરોપી ઋષિભાઈએ પી.એસ.આઈ. ને પછાડી દેવા પકડીને ધકકો મારેલ હોય અને આ મોટરસાયકલ હું ડીટેઈન નહી થવા દઉં તેમ કહેતા પોલીસે આરોપીઓ ઋષીભાઈ તથા વિશ્વદીપ વિરૂધ્ધ ગુનો દાખલ કરેલ. જેમાં પોલીસે ઈન્વેસ્ટીગેશન કરી ચાર્જશીટ મુકેલ. જે ફોજદારી કેસ ચાલવા પર આવતા આરોપીના એડવોકેટે કરેલ દલીલોને ધ્યાને લઈને અને વડી અદાલતોના ચુકાદાઓ ધ્યાને લઈ આરોપીના એડવોકેટની અરજી કોર્ટે મંજૂર કરી બંને આરોપીઓ વિરૂધ્ધ પ્રોસીડીંગ્સ ડ્રોપ કરી બીનતહોમત છોડી મુકવાનો હુકમ ફરમાવેલ છે. આ કેસમાં આરોપીઓના એડવોકેટ તરીકે ધારાશાસ્ત્રી મહેશભાઈ ત્રિવેદી, કિરીટ સાયમન, ધર્મેન્દ્ર જરીયા, કિશન જોશી, ઘનશ્યામ પટેલ, હર્ષ ત્રિવેદી રોકાયેલ હતા.

# વાંકાનેરમાં અલગ-અલગ દરોડામાં ઈંગ્લીશ દારૂની ૧૦૯ બોટલ ઝડપાઈ




**(મયુર ઠાકોર દ્વારા)**
વાંકાનેર, તા.૧૯

શહેરના પેડક તેમજ પંચશીલ સોસાયટીમાં પોલીસ દરોડામાં ઈંગ્લીશ દારૂની ૧૦૯ બોટલ સાથે બે શખ્સો ઝડપાયા.

પ્રાપ્ત વિગત મુજબ વાંકાનેર શહેરના પેડક વિસ્તારમાં નાગાબાવા મંદિર સામે રહેણાંક મકાનમાં સીટી પોલીસે દરોડો પાડી આરોપી કમલેશ જાનકીદાસ દુધરેજીયા નામના યુવાનના કબ્જામાંથી મેકડોવેલ નંબર વન બ્રાન્ડ દારૂની ૭૩ બોટલ કીમત રૂ. ૨૭,૩૭૫અને રોયલ ચેલેન્જ બ્રાન્ડ દારૂની ૨૪ બોટલ કિંમત રૂપિયા ૧૨,૪૮૦ મળી કુલ રૂપિયા ૩૯,૮૫૫ ના મુદ્દામાલ સાથે આરોપીની ધરપકડ કરી હતી તેમજ શહેરની પંચશિલ સોસાયટીના દરોડામાં રાજુ ઉર્ફે ડિમ્પલ ક્રિષ્નમુરારી યાદવ નામના શખ્સને વિદેશી દારૂની બોટલ નંગ ૧૨ કિંમત રૂપિયા ૪૫૦૦ સાથે ઝડપી લઈ બંને વિરુદ્ધ પ્રોહીબિશન એકટ મુજબ કાર્યવાહી કરી હતી.

**મોકાની ઓફીસ વેચવાની છે**

રાજકોટના પોશ વિસ્તારમાં ચાલુ ભાડા તેમજ ફર્નીચર સાથે ૧૦૫, રામ ચેમ્બર, ઢેબર રોડ રાજકોટ પહેલા માળે ૧૭૦ સ્કેવર ફુટની ઓફીસ વેચવાની છે.

સંપર્કઃ ૯૫૧૨૮ ૯૫૧૨૫

(અનુ.પ્રથમ પાનાનુ ચાલુ)

## ભારતમાં બદલતી જીવનશૈલીને કારણે કેન્સરનું સુનામી આવશે

હોબાળો મચી જશે. વર્ષ ૨૦૨૦ની સરખામણીએ ૨૦૪૦ સુધીમાં વિશ્વમાં કેન્સરના દર્દીઓની સંખ્યામાં ૪૭ ટકાનો વધારો થશે, જે દર વર્ષે બે કરોડ એંસી લાખ સુધી પહોંચશે. વર્ષ ૨૦૨૦ માં, કેન્સરના લગભગ એક કરોડ ૮૦ લાખ કેસ નોંધાયા હતા અને વિશ્વમાં લગભગ એક કરોડ લોકો આ રોગને કારણે મૃત્યુ પામ્યા હતા.

ડો.અબ્રાહમે કહ્યું કે કેન્સર માટે જોરશોરથી સારવાર જરૂરી છે. તેમણે કહ્યું કે ઉભરતી લિક્વિડ બાયોપ્સી ટેકનિક દ્વારા લોહીના એક ટીપા દ્વારા જ કેન્સરને શોધી શકાય છે. જો સમયસર તેની ઓળખ થઈ જાય તો સારવાર પણ સારી થઈ જાય છે. હાલમાં, મોટાભાગના કિસ્સાઓમાં, જયારે તે શોધી કાઢવામાં આવે છે, ત્યારે ઘણું મોડું થઈ ગયું હોય છે. બીજી તરફ ડો.અબ્રાહમે જણાવ્યું હતું કે, જયારે આપણે કેન્સરની રોકથામ અને સારવાર માટેની ટેકનીક વિકસાવીશું ત્યારે અમારું સમગ્ર ધ્યાન કેન્સરના નિવારણ અને નિવારણ પર રહેશે. જો તમારે કેન્સરથી બચવું હોય તો તમારે તમાકુ અને આલ્કોહોલનો સંપૂર્ણ ત્યાગ કરવો પડશે. ખોરાક અને ચેપનું ધ્યાન રાખવું પડશે. આ હાલમાં કેન્સરના સૌથી સામાન્ય કારણો છે.(૯)

## નબળી શાળાને સારી શાળા અભ્યાસમાં મદદરૂપ બનશે

શાળાઓમાં વધારાના એક કલાક સુધી અભ્યાસમાં માર્ગદર્શન આપશે. આ માટે દરેક શાળાઓને પરિપત્ર મોકલી દેવામાં આવ્યો છે. જેથી કરીને નબળા પરિણામ ધરાવતી શાળાઓને યોગ્ય માર્ગદર્શન આપી શકાય. આવી શાળાઓમાં ૪૫ મિનિટની માંડીને એક કલાક સુધી દરરોજ કોચિંગ આપવા માટે સારી શાળાઓને આદેશ આપવામાં આવ્યો છે. એ વધારાના કલાક દરમ્યાન શિક્ષકો વિદ્યાર્થીઓને આગામી પરીક્ષાઓને ધ્યાનમાં રાખી અભ્યાસ કરાવશે અને ધ્યાનમાં રાખશે. આ માટેનો સમગ્ર કાર્યક્રમ તૈયાર કરી ડીઈઓ કચેરીને મોકલી આપવા તાકીદ કરી છે. આ પ્રયોગની શિક્ષણ જગતમાં સારી પ્રશંસા થઇ રહી છે.(૨.૧૨)

## મહાનગરપાલિકા-નગરપાલિકાએ નાણા ઉભા કરવા જાતે પગભર બનવું પડશેઃ મુખ્યમંત્રી

સારી વસુલાત તેમજ આવકના અન્ય સ્ત્રોત ઉભા કરીને મનપા અને ન.પા. એ એમના વિકાસ માટેના નાણા જાતે ઉભા કરવાના રહેશે.

મુખ્યમંત્રીએ મહાનગરપાલિકા અને નગરપાલિકાના વહીવટી તંત્રને વધુ અસરકારક બનાવવાનું પણ સૂચન કર્યું હતું. સારો વહીવટ ન હોવાથી સરકારની પરફોર્મન્સ ગ્રાન્ટ મેળવી શકતી નથી. આ તકે મુખ્યમંત્રીએ સ્પષ્ટ જણાવ્યું હતું કે, સ્થાનિક પ્રશાસનના એટલે કે, મનપા- ન.પા.ના પદાધિકારીઓએ સરકારી ગ્રાન્ટ પર આધારિત રહેવાનું ઘટાડવું પડશે. કેમકે ધીમે- ધીમે ગ્રાન્ટની પધ્ધતિ સમૃધ્ધિ નાબુદ થઇ જવાની છે. તે માટે હજુ કોઈ સમયમર્યાદા નક્કી થઇ નથી પણ ગ્રાન્ટની આ સમગ્ર પધ્ધતિ ટકાઉ નથી.(૨.૧૨)

## ભારતના વિશ્વસ્તરના કુસ્તી બાજોના દિલ્હીમાં ધરણા અને જોરદાર પ્રદર્શન

ખેલમંત્રી અનુરાગ ઠાકુર સાથે વાતચીત કરી હતી અને પોતાના પર થયેલા આક્ષેપો નકારી કાઢ્યા હતા. ચેરમેને એવો પડકાર કર્યો હતો કે, જો એકપણ આક્ષેપ પુરવાર થાય તો ફાંસીએ ચડી જવા તૈયાર છું. કુસ્તીબાજોના ધરણાને પગલે ભારતીય કુસ્તી જગતમાં ભારે હલચલ મચી ગઈ છે. છેક સરકાર સુધી તેના પડઘા પડ્યા છે. આજે ધરણામાં જોડાયેલી બબીતા ફોગટે મીડિયાને જણાવ્યું હતું કે, અહીં આખા ભારતની કુસ્તીની આલમ ભેગી થઇ છે. જયાં સુધી આ સમસ્યાનો હલ નહીં આવે ત્યાં સુધી અમે ધરણા ચાલુ રાખશું. મારો આ લડતમાં પુરેપુરો સહકાર છે. છેલ્લા બે દિવસથી કુસ્તીબાજોએ શરૂ કરેલા ધરણાને ફરી એકવખત ભારતીય ખેલ જગતમાં ઘર કરી ગયેલી મહિલા રમતવીરોના જાતિય શોષણની સમસ્યાનો મુદ્દો ઉભરીને સામે આવ્યો છે. આંદોલનકારી કુસ્તીબાજોએ કુસ્તી મહાસંઘના ચેરમેન અને કોચને તાત્કાલિક પદ પરથી હટાવી દેવા માંગણી કરી છે.(૨.૧૨)

## ટ્રક ડ્રાઈવરોના કામના કલાક નક્કી થશેઃ માર્ગ સુરક્ષાની દિશામાં અનોખું પગલું

પ્રતિબદ્ધ છે અને માર્ગ સલામતીના તમામ એન્જિનિયરિંગ, એન્ફોર્સમેન્ટ, શિક્ષણમાં ઘણી પહેલ કરી છે અને કટોકટીની સંભાળ.એક સત્તાવાર નિવેદન અનુસાર, મંત્રીએ કહ્યું કે ટ્રક ડ્રાઇવરો માટે કામના કલાકો નક્કી કરવા માટે કાયદો લાવવામાં આવશે.

પ્રોપર્ટી વહન કરતા ડ્રાઇવરો દસ કલાકના સતત વિરામ પછી વધુમાં વધુ ૧૧ કલાક સુધી વાહન ચલાવી શકે છે. ડ્યુટીમાંથી ૧૦ કલાકના વિરામ બાદ ડ્રાઇવરો સતત ૧૪ કલાકથી વધુ સમય સુધી વાહન ચલાવી શકતા નથી. ઓફ-ડ્યુટી સમય ૧૪ કલાકથી વધુ નથી. જો તેઓ ઓછામાં ઓછા ૩૦ મિનિટના વિરામ વિના કુલ ૮ કલાક સુધી વાહન ચલાવે તો તેમણે ૩૦ મિનિટનો વિરામ લેવો પડશે.

જો ભારતમાં પણ ટ્રક ચાલકોને રસ્તા પર વાહન ચલાવવા માટે સમય મર્યાદા નક્કી કરવામાં આવે તો તે અકસ્માતોને રોકવામાં મદદ કરશે.

## ગુજરાતની વેરાની આવકમાં મોટું ગાબડું પડવાની ભીતિ

જીએસટી વળતર પેટે ૧૦ ટકાથી વધુ નાણા મળતા હતા.

બેંક ઓફ બરોડાના અર્થશાસ્ત્રી મદન સબણવિસે જણાવ્યું હતું કે, અર્થતંત્ર ધીમું પડે તો મહેસુલી વિકાસદર પર વધુ ખરાબ અસર થાય છે. આ સંજોગોમાં રાજ્યો હવે ઇંધણ પરના વેટમાં પણ ઘટાડો નહીં કરી શકે. અર્થશાસ્ત્રીઓના માનવા મુજબ ચાલુ નાણાંકીય વર્ષમાં અત્યાર સુધી રાજ્યોના અર્થતંત્રની સ્થિતિ સારી રહી છે એટલે એવા કેટલાક રાજયો વળતર ન મળવાથી થનારી નુકશાની સરભર કરી શકશે. ઝારખંડ અને છતીસગઢ જેવા રાજ્યો જીએસટી વળતર યોજના લંબાવવાની માંગણી કરી રહ્યા છે.(૨.૧૨)

(અનુ.છેલ્લા પાનાનુ ચાલુ)

## આટકોટ પાસે અકસ્માત સર્જાતા ટ્રકચાલકનું મોત

હિંમતભાઈ અકબરી અને મજુર હતા. ૨૫૨ કટા ડુંગળી ભરી હતી.મહુવા જવા નીકળ્યા ત્યારે રસ્તામાં દિલુભાઈ નામનાં ચાલકનો ટ્રક તેમનાં ટ્રક સાથે ડીવાઈડર કુદી અથડાયો હતો જેથી અમારા ટ્રકમાં નુકશાન થયુ હતું અને સામેના ટ્રકના ચાલક દીલુભાઈનું મોત નીપજયુ હતું પોલીસે આવી મૃતદેહને જસદણ હોસ્પીટલે પીએમ અર્થે ખસેડયો હતો મૃતકનાં પરિવારજનોનાં જણાવ્યા મુજબ દીલુભાઈ ૭ ભાઈઓમાં વચેટ હતા. તેમને સંતાનમાં ૩ દીકરી અને ૧ દીકરો છે તેમના મોતથી પરિવારમાં શોક છવાયો હતો.

## રાજકોટ મહાનગરપાલિકાની વેસ્ટઝોન કચેરીમાં ટોઈલેટમાંથી દારૂની બોટલો મળતા ખળભળાટ

જોઈએ. કેમકે કચેરીઓમાં અનેક મહત્વના દસ્તાવેજો હોય છે. રેકર્ડ રાખવામાં આવ્યો હોય છે. આવી ભૂલ તંત્રને ભારે પડી શકે છે. જો આવી રીતે શહેરની મહત્વની સરકારી કચેરી રેઢું પડ બની જતી હોય તો એ ખૂબ જ ગંભીર બેદરકારીનો નાગર નમુનો ગણાય. એટલે મ્યુ.કમિશનર તેમજ મેયરે જનતાના હિત ખાતર વાયરલ વીડિયોની સચ્ચાઈની તપાસનો તાકીદે આદેશ આપવો જોઈએ. તેવી જોરદાર લોકલાગણી છે.(૨.૧૨)

# રાજકોટ BNI દ્વારા બિઝનેસમેનો માટે બિઝનેસ લીગ ક્રિકેટ સીઝન-૩નું આયોજન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૯

રાજકોટમાં તા.૧૯ થી ૨૨ જાન્યુઆરી દરમિયાન BNI રાજકોટ તથા મોરબી, જામનગર, ગાંધીધામના રીજીયન વચ્ચે તા.૧૯મી એ તેમજ તા.૨૦ થી ૨૨ રાજકોટ રીજીયનની ૬ ટીમો વચ્ચે રાજકોટ બિઝનેસ લીગ ક્રિકેટ સીઝન-૩નું સુંદર આયોજન ગારડી કોલેજ ખાતે કરવામાં આવેલ છે. રાજકોટ બિઝનેસ લીગ ક્રિકેટ સીઝન-૩ના મુખ્ય સ્પોન્સર સિનર્જી હોસ્પિટલ છે કો-સ્પોન્સરર એલીગન્ટ વેલ્થ પ્રા.લિ. તથા ડાયમંડ શીંગ છે. વેન્યુ પાર્ટનર ગારડી કોલેજ તેમજ હોસ્પિટાલિટી પાર્ટનર ફીનીક્સ રીસોર્ટ છે. તા.૧૯ થી ૨૨ દરમિયાન દરેક BNI મેમ્બર તથા તેમના ગેસ્ટને ગેઇમ નિહાળવા તેમજ જમવાની વ્યવસ્થા



'સૌરાષ્ટ્ર ક્રાંતી' કાર્યાલયની મુલાકાતે આવેલા રાજેશ સવનિયા, ડો. દર્શન જાની, કૃણાલ કલ્યાણી, તુષાર ઉંદેશી અને મનીષ કાપડી તસવીરમાં નજરે પડે છે.

**તા.૧૯ થી ૨૨ જાન્યુઆરી ગારડી કોલેજ કાલાવડ રોડ ખાતે વિજયભાઈ અઘેરા તથા શ્યામભાઈ ઘેડીયાની ટીમ દ્વારા સંપૂર્ણ દેખરેખ**

રાજકોટ બિઝનેસ લીગ ક્રિકેટ સીઝન-૩ દ્વારા કરેલ છે. ક્રિકેટની સીઝન આવતી હોવાથી સંપૂર્ણ ઈવેન્ટનું આયોજન વિજયભાઇ અઘેરા તેમજ શ્યામભાઇ ઘેડીયાએ સરસ રીતે દરેક ટીમ અને સ્પોન્સરને પુરતો રીસ્પોન્સ મળે તેવી દેખરેખ રાખેલ છે. સ્ટેટ લેવલના મેચની જેમ ડીજે, સાઉન્ડ, લાઇટ, એલઇડી, યુ-ટયુબ લાઇવ, ઓનસાઇટ મેડિકલની સુવિધા તેમજ દરેક નાનામાં નાની મેચને લગતી સુવિધાઓ ટીમને પૂરી પાડવામાં આવેલ છે. ૬ ટીમમાં દરેક ટીમને ટીમ વાઇઝ ફ્રી કોમ્પ્લીમેન્ટરી સ્પોર્ટસ યુનિફોર્મ એનાયત કરવામાં આવેલ છે. દરેક મેચ પછી મેન ઓફ ધ મેચ, મેન ઓફ ધ સિરીઝ, બેટ્સમેન ઓફ ધ સિરીઝ, બોલર ઓફ ધ સિરીઝ તેમજ ચેમ્પિયન ટીમને વિવિધ ઇનામોથી નવાઝવામાં આવશે.

ક્રિકેટ સ્પોર્ટસની સાથે સાથે બિઝનેસ પણ મેમ્બર્સને મળી રહે તેમજ મેમ્બર્સ એકબીજાને મળીને નેટવર્કિંગ કરી શકે તે માટેની આ રાજકોટ બિઝનેસ લીગ ક્રિકેટ સીઝન-૩નું આયોજન કરેલ છે. વધુ વિગત માટે જતીનભાઇ શાહ (મો.૯૦૩૩૦ ૨૨૩૩૦) નો સંપર્ક કરવા યાદીમાં જણાવ્યું છે. (૧૩)




# ધારાસભ્ય ઉદય કાનગડના આર્થિક સહયોગથી ૧૨૫૦૦ વિદ્યાર્થીઓને સ્વેટર વિતરણ

**કાલે સાંજે ૪ કલાકે માર્કેટીંગ યાર્ડ પાસે પ્રાથમિક શાળા નં. ૬૭માં ખાસ વિતરણ કાર્યક્રમ**

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૯

હાલ શિયાળાની ઋતુ ચાલતી હોય કડકડતી ઠંડીમાં શાળામાં જતા બાળકોને મુશ્કેલીનો સામનો ન કરવો પડે તેવા ઉમદા આશયથી આવતીકાલે તા.૨૦ જાન્યુઆરીના શુક્રવારે સાંજે ૪ કલાકે પ્રાથમિક શાળા નં. ૬૭, માલધારી સોસાયટી, ગાર્ડન રેસ્ટોરન્ટ પાછળ, માર્કેટીંગ યાર્ડ ખાતે વિધાનસભા-૬૮ના ધારાસભ્ય ઉદય કાનગડના આર્થિક સહયોગથી અને





શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણીના અધ્યક્ષસ્થાને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાના ૧૨૫૦૦ વિદ્યાર્થીઓને નિઃશુલ્ક ગરમ સ્વેટર વિતરણ કાર્યક્રમ યોજવામાં આવશે. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે સાંસદ મોહનભાઈ કુંડારીયા, રામભાઈ મોકરીયા, મેયર ડો. પ્રદિપ ડવ, પૂર્વ ધારાસભ્ય ટપુભાઈ લીંબાશીયા, શહેર ભાજપ મહામંત્રી કિશોર રાઠોડ સહિતના ઉપસ્થિત રહેશે. તેમ જણાવાયું છે.

# હત્યાના કેસમાં આરોપીની જામીન અરજી નામંજુર કરતી કોર્ટ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૯

અંકુરભાઈ રાજેશભાઈ ઉર્ફે રાજુભાઈ ગોહીલે વાંકાનેર તાલુકા પોલીસ સ્ટેશનમાં પોતાના ભાઈ રાહુલ રાજેશભાઈ ગોહીલની હત્યા અને નીતીનભાઈ માવધજીભાઈ ડાભીને મારકુટ કરવાનાં ગુનાની ફરિયાદ આરોપી એજાજ ઉર્ફે એજુ હનીફભાઈ પાયક સોહીલ નુરમામદભાઈ કાબરા, નીજામુદીન નુરમહમદભાઈ હોથી, જુમાશા નુરશા શાહમદાર, સલીમ ઉર્ફે સલીયો ઉર્ફે રાજુ ઉર્ફે રાજીયો મહમદભાઈ ધાનાણી તથા મુનાવર અલ્લારખાએ લોખંડનો પાઈપ છરી, ધોકા જેવા પ્રાણઘાતક હથીયારો સાથે હુમલો કરી નિર્મમ હત્યા નીપજાવવા અંગેની ફરીયાદ નોંધાવતા પોલીસે તમામ આરોપીઓની ધરપકડ કરી હતી. ત્યારબાદ કેસમાં તપાસ પૂર્ણ થઈ જતા તપાસ કરનારે ચાર્જશીટ કોર્ટમાં રજુ કરેલ હતું.

આરોપી એજાજ ઉર્ફે એજુ હનીફભાઈ પાયકના ભાઈ સાહીદનું રાજકોટ આર.ટી.ઓ. ઓફીસમાં ખુન થયેલ તે ખુન કેસમાં મરણજનાર રાહુલ રાજેશભાઈ તથા ઈજા પામનાર નીતીન માધવજીભાઈ આરોપી હોય જેઓ કોર્ટમાંથી જામીન મુકત થતા આરોપી એજાજ હનીફભાઈએ પોતાના ભાઈના ખુનનો ખાર રાખી અન્ય આરોપીઓ સાથે ગુનાહીત પુર્વયોજીત કાવત્રુ રચી ફરિયાદીના ભાઈ રાહુલનો ટ્રક રોડ ઉપર રોકાવી અવરોધ કરી મરણજનાર રાહુલને ટ્રકમાંથી ખેંચી નીચે ઉતારી લોખંડનો પાઈપ, ધોકા, છરી વડે માર મારતા મરણજનાર પડી જતા તમામ આરોપી ત્યાંથી ભાગી ઈનોવા કાર તથા એકટીવા મોટર સાયકલ પડેલ ત્યાં આવી જતા ટ્રકના આગળના કાચમાં છુટા પથ્થર મારી કાચ તોડી નાખી વાહનો તથા હથીયારો સાથે ભાગી જઈ મરણજનાર રાહુલનું ખુન કરી જીલ્લા મેજી.ના હથીયારબંધીના જાહેરનામનો ભંગ કરી ગુનો કર્યા અંગેની ફરિયાદ નોંધાયેલ હતી. ઉપરોક્ત આરોપીઓ પૈકી સોહીલ નુરમામદ કાબરાએ તેમના એડવોકેટ મારફત મોરબી સેશન્સ કોર્ટમાં જામીન પર છુટા માટે અરજી કરતા જામીન અરજીના કામે કોર્ટે આરોપી પક્ષ તથા સરકારી તરફે સરકારી વકીલની દલીલો તથા મુળ ફરિયાદ પક્ષે રજુ કરેલા વાંધાઓ ધ્યાને લઈ આરોપીની જામીન અરજી નામંજુર કરતો હુકમ કરેલ હતો.

આ કેસમાં ફરિયાદ પક્ષ તરફે એડવોકેટ તરીકે અભય ભારદ્વાજ એન્ડ


એડવોકેટ: અંશ ભારદ્વાજ

એસોસીએટસ તરફથી અંશ ભારદ્વાજ, દીલીપ પટેલ, ધીરજ પીપળીયા, ગૌતમ પરમાર, વિજય પટેલ, અમૃતા ભારદ્વાજ, કલ્પેશ નસીત, જીજ્ઞેશ વિરાણી, જીતેન્દ્ર કાનાબાર, કમલેશ ઉધરેજા, શ્રીકાંત મકવાણા, તારક સાવંત, ગૌરાંગ ગોકાણી તથા સરકાર તરફે જીલ્લા સરકારી વકીલ વિજયભાઈ જાની રોકાયેલ હતા.

# શિવ ટાઉનશીપમાં દુકાનોની હરરાજીઃ રૂ. ૮.૮૦ કરોડની આવક

**તા.૨૫ જાન્યુઆરીએ અન્ય ચાર ટાઉનશીપની ૩૧ દુકાનોની યોજાશે હરાજી**





(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૯

શિવ ટાઉનશીપ, મવડી-પાળ રોડ ખાતે ૨૨ દુકાનો માટે જાહેર હરરાજી યોજવામાં આવેલ હતી. જેમાં તમામ દુકાનોનું વેંચાણ થયેલ છે. આ હરરાજીથી રાજકોટ મહાનગરપાલિકાને રૂ. ૮.૮૦ કરોડની આવક થયેલ છે.

આ હરરાજીમાં કુલ ૧૩૬ નાગરિકોએ ભાગ લીધો હતો અને એક દુકાનની હાઈસ્ટ પ્રાઈઝ રૂ. ૪૭.૩૦ લાખ મળી હતી.

આગામી ૨૫ જાન્યુઆરી, ૨૦૨૩ના રોજ અન્ય ચાર ટાઉનશીપની ૩૧ દુકાનોની હરરાજી યોજાશે. જેમાં શ્રી સીતા ટાઉનશીપ સ્પીડવેલ પાર્ટી પ્લોટ પાછળ, મવડીની ૧૯ દુકાનો, કવિ કલાપી ટાઉનશીપ લાલપાર્ક સોસા. પાસે, પારડી રોડ ૯ દુકાનો, વીર નર્મદ ટાઉનશીપ સમ્રાટ ઈન્ડ. એરીયા, ગોંડલ રોડની ૨ દુકાનો, ભક્ત કવિ નરસિંહ મહેતા ટાઉનશીપ, વૃંદાવન સોસા.પાસે, કુવાડવા રોડની ૧ દુકાનોની હરાજી તા.૨૫ જાન્યુઆરીને સોમવારે સવારે ૯ કલાકે મિટિંગ હોલ, પ્રથમ માળ, સેન્ટ્રલ ઝોન ઓફિસ, આર.એમ.સી. ખાતે યોજાશે.

હરરાજીમાં ભાગ લેવા માંગતા વ્યક્તિઓને જે-તે હરરાજીના સમયે જે-તે સ્થળ પર હાજર રહેવા જાણ કરવામાં આવે છે.

ફલાવર માર્કેટના થડાની હરરાજીમાં ભાગ લેનાર વ્યક્તિઓએ સ્થળ ડીપોઝીટની રકમ રૂ.૧૦,૦૦૦/- રોકડા હરરાજીના સમયે ભરપાઈ કરવાના રહેશે.

દુકાનોની હરરાજીમાં ભાગ લેનાર વ્યકિતઓએ ડીપોઝીટની રકમ રૂ.૨,૦૦,૦૦૦/- ચેક અથવા ડી.ડી.થી હરરાજીના દિવસો પહેલા એસ્ટેટ વિભાગમાં અથવા હરરાજીના સમયે સ્થળ પર ભરપાઈ કરવાની રહેશે.

ડીપોઝીટ ભરનાર વ્યક્તિઓ જ હરરાજીમાં ભાગ લઈ શકશે.

દુકાનોની અપસેટ કિંમત અને હરરાજીની શરતો વેબસાઈટ www.rmc.gov.in પરથી તેમજ એસ્ટેટ વિભાગ, રૂમ નં.૧૦, ત્રીજો માળ, ડો. આંબેડકર ભવન, ઢેબરભાઈ રોડ, રાજકોટ (ફોન.૦૨૮૧-૨૨૨૨૫૪૦) ખાતેથી રૂબરૂ મળી શકશે.

# અપહરણ કરી લૂંટ આચરવાના ગુન્હામાં આરોપી આગોતરા જામીન મુક્ત

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૯

ફરિયાદી પોતાની ટેકસીમાં પેસેન્જર અમદાવાદથી ભરીને રાજકોટ ગ્રીનલેન્ડ ચોકડી ખાતે આવેલ હતો. તે વખતે રાજભા ફોજીના ફોન ઉપરથી ફરિયાદીમાં ફોન આવેલ અને કહેલ કે તમારે જે આરોપી મુળરાજસિંહ જાડેજાને જે પૈસા આપવાના છે તે પૈસા તમે ગ્રીનલેન્ડ ચોકડી પાસે આવેલ બંસી પાન પાસે આપી દેજો. જેથી ફરિયાદીએ બંસી પાન ૨૦૦ રૂપિયા આપી દીધા હતા. ફરિયાદી તથા રવિરાજસિંહ જાડેજા તથા યશપાલસિંહ જાડેજા ત્રણેય નાસ્તો કરવાની તૈયારી કરતા હતા. તે વખતે બે અજાણ્યા માણસો આવેલ અને ફરિયાદી કહેલ કે આરોપી મૂળરાજસિંહ જાડેજાના પૈસા કેમ આપતો નથી. ત્યારબાદ બળજબરીથી ફરિયાદીને કારની પાછળની સીટમાં બેસાડી દિધેલ અને કારની ચાવી તથા તેમનો મોબાઇલ ઝૂંટવી લીધેલ અને તમામ આરોપી ફરિયાદીને પડધરી ટોલનાકા પહેલા એક રસ્તો આવતા ત્યાં કાર ઉભી રાખી અને આરોપી વિરૂભા જાડેજા પોતાનું એકટીવા લઇને આવેલ ફરિયાદીને જેમ- તેમ ગાળો આપવા લાગ્યા ત્યારબાદ આરોપીયો એ ધિક્કા પાટુના માર મારેલ વિરૂભા જાડેજા આરોપી હાથના ભાગમાં ધોકા વડે માર મારતા અને બીજા આરોપીએ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જેથી ફરિયાદીએ આ તમામ આરોપી વિરૂધ્ધ બળજબરીકારમાં બેસાડી અપહરણ કરી જેમ ફાવે તેમ ગાળો બોલી હોઈ અને જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય સામે કાયદેસર બી.ડિવિઝન પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ નોંધેલ હોય.

આ કેસમાં આરોપી રાજભા ફૌઝીના વકીલ તરફે નીલ યોગેશભાઈ શુક્લા અને લીગલ આસીટન્ટ તરીકે


એડવોકેટ: નીલ શુક્લા

હિમાંશુ જાદવ અને કાર્તિક પરમાર રોકાયેલ હતા.જેમને તેમની દલીલો બાદ આરોપીના સેશન્સ કોર્ટએ આગોતરા જમીન પર છોડવનો હુકમ કરેલ છે.

# વાકાંનેરના જૈન પરિવાર દ્વારા ચક્ષુદાન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૯

જે.એસ.જી.આઇ ડોનેશન ડ્રાઇવ અને વિવેકાનંદ યુથ કલબના સયુંકત પ્રયાસથી જૈન પરિવારના સ્વ. શારદાબેન ગીરધરલાલ દોશીનું પરિવારે ચક્ષુદાન કરી બે દષ્ટિ હિન વ્યક્તિઓને દષ્ટિદાન આપ્યું હતું. સરકારી ડોકટરની ઉમદા સેવા મોરબીથી વાંકાનેર આવી ચક્ષુદાન લીધું હતું.

વાંકાનેરના જૈન પરિવારનાં સ્વ. શારદાબેન ગીરધરલાલ દોશી (ઉં.વર્ષ ૮૭) નું દુ:ખદ અવસાન થતાં જે.એસ.જી. ઇન્ટ. ફેડરેશનના ઉપ પ્રમુખ મનીષ દોશીની પ્રેરણાથી જે.એસ.જી.વાંકાનેર કમિટી મેમ્બર સંદીપ દોશી અને હેમલ દોશીની સહમતીથી વિવેકાનંદ યુથ કલબના માર્ગદર્શક મુકેશભાઈ દોશી અને વિવેકાનંદ યુથ કલબના મંત્રી અનુપમભાઈ દોશીએ જૈન સોશિયલ ગ્રુપની આઇ ડોનેશન ડ્રાઇવના ચેરમેન ઉપેનભાઈ મોદી દ્વારા મોરબીની સિવિલ હોસ્પિટલની આંખની હોસ્પિટલએ ચક્ષુદાન સ્વીકારેલ. આ કાર્યમા જે.એસ.જી.સૌરાષ્ટ્ર રીજીયનનાં પી.આર.ઓ. હિતેશભાઈ મહેતાએ મોરબીની વ્યવસ્થા ગોઠવી આપી હતી અને સદગતના ચક્ષુનું દાન કરી બે દ્રષ્ટિહીન બાંધવોને દષ્ટિદાન આપતા ગયા છે.

બન્ને સંસ્થાઓનું આ વર્ષનું આ ૫૧ મું ચક્ષુદાન છે. રાજકોટના નગરજનો ચક્ષુદાન કરવા અને કરાવવા પ્રેરણા કરે. ૨૪×૭ ચક્ષુદાન કરવા અનુપમ દોશી, મો.૯૪૨૮૨ ૩૩૭૯૬ અને ઉપેનભાઇ મોદી ૯૮૨૪૦ ૪૩૧૪૩ નો સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

# ભરણપોષણ ન ચુકવનાર પતિને ૮ માસની કેદ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૯

પરિણીતા પુજાબેન ઉર્ફે પુરીબેન વા ઓ. મુકેશભાઈ બીજલભાઈ ઢાપાએ તેણીના સાસરીયા પક્ષના પતિ મુકેશભાઈ બિજલભાઈ ઢાપા, રૂપાઈબેન બિજલભાઈ ઢાપા (સાસુ), બિજલભાઈ પાંચાભાઈ ઢાપા (સસરા) એમ સાસરીયાઓ વિરૂધ્ધ ઘરેલું હિંસા કરવા સબબ ડોમેસ્ટીક વાયોલન્સ એકટના કાયદાના પ્રબંધ હેઠળ ફરિયાદ કરવામાં આવેલ હતી.

જે કેસ ચાલી જતા કોર્ટ દ્વારા પતિ મુકેશભાઈ બિજલભાઈ ઢાપાને ચંડત-ભરણપોષણ ન ચુકવવા બદલ ૨૪૦ દિવસની સાદી કેદની સજાનો હુકમ ફરમાવવામાં આવેલ છે.

આ કેસની હકિકત એવી છે કે અરજદાર દ્વારા સામાવાળા વિરૂધ્ધ કોર્ટમાં ડોમેસ્ટીક વાયોલન્સની અરજી કરતા કેસ ચાલી જતા અરજદારને સામાવાળાએ ભરણપોષણ અને ઘરભાડા પેટે માસીક રૂા. ૮૦૦૦ અરજી કર્યા તારીખથી દર માસે ચુકવી આપવા તેમજ ઘરેલું હિંસા આચરવા બદલ વળતળ પેટે રકમ રૂા. ૩૦,૦૦૦ અને અરજી ખર્ચના રૂા. ૧૦૦૦ અલગથી ચુકવી આપવા હુકમ ઠરાવેલ હોય જે ભરણપોષણની રકમ સામાવાળા મુકેશભાઈ બિજલભાઈ ઢાપા ન ચુકવતા અરજદાર દ્વારા ચડત-ભરણપોષણ મેળવવા માટે કોર્ટમાં અરજી દાખલ કરેલ હોય પરંતુ સામાવાળા કોર્ટમાં વોરંટ ચાલુ હોવા છતા પણ પાંચ માસથી નાસ્તા ફરતા હોય અને એ. ડિવિઝન પોલીસ સ્ટેશન અધિકારી દ્વારા પતિને કોર્ટમાં રજુ કરતા અરજદાર તરફે રોકાયેલ એડવોકેટ દ્વારા રજૂઆત કરવામાં આવેલ જે દલીલોને ધ્યાને લઈને કોર્ટે પતિને ૨૪૦ દિવસની સાદી કેદની સજાનો હુકમ ફરમાવવામાં આવેલ છે.


(એડવાકેટ: હર્ષ ઘીયા)

આ કેસમાં ફરિયાદી પરિણીતા વતી એડવોકેટ હર્ષ રોહીતભાઈ ઘીયા અને હર્ષીતભાઈ પાંઉ રોકાયેલ હતા.

# પ્રાથમિક શિક્ષણની બદતર હાલત : સ્માર્ટફોનમાં બાળકો થયા સ્માર્ટ અને શિક્ષણમાં 'ઢ'



(ગિરીશ ભરડવા દ્વારા)

રાજકોટ, તા.૧૯

રાજયમાં પ્રાથમિક શિક્ષણ ફલોપ સાબિત થયું છે. અત્યારના બાળકો કકકો-બારાક્ષરી વાંચી શકતા નથી. જયારે વાંચવાની ક્ષમતામાં ધો.૩ ના વિદ્યાર્થીઓ પણ ખૂબજ નબળા પુરવાર થયા હતા. ધો.૩ ના ૭.૧% વિદ્યાર્થીઓ બારાક્ષરીના ક-ખ-ગ-ઘ કે પછીના અક્ષરને પણ પારખી શકયા ન હતા.૧૯.૩% આ બારાક્ષરીના અક્ષરને ઓળખી તો ગયા પણ તેના આધારે એક નાનુ વાકય પણ કહી શકયા નહીં. ૨૫% જેટલા વિદ્યાર્થીઓજ આ અક્ષરને ઓળખીને તેની સાથેનું નાનુ વાકય વાંચી શકયા હતા.આ વિદ્યાર્થીઓ જેમાંથી 'પાસ' થઈને આવ્યા હતા તે વર્ગ-૧ તથા વર્ગ-૨ ના અભ્યાસક્રમમાં પણ અત્યંત નબળા પુરવાર થયા.

હાલ ઈંગ્લીશ મીડીયમની બોલબાલા છે પણ ધો.૩ ના ૩૦% જેટલા વિદ્યાર્થીઓને કેપીટલ લેટર શું કે તે વાંચી શકયા નહીં જયારે બીજા ૩૦% સ્મોલ લેટરને પારખી શકયા નથી. જો કે ફકત ગુજરાત જ નહીં દેશભરમાં શિક્ષણની આ હાલત છે.જે માટે કોવિડકાળને જવાબદાર ગણાવાય છે. ૨૦૨૦ થી શિક્ષણનો સમય ઓછામાં ઓછો થયો અને બાળકો ઘરમાં વધુમાં વધુ રહ્યા હતા જેના કારણે સ્માર્ટફોનમાં તેઓ સ્માર્ટ થયા અને શિક્ષણમાં 'ઢ' થવા લાગ્યા છે.

**કોવિડકાળ જવાબદાર : ૨૦૨૦ થી શિક્ષણનો સમય ઓછામાં ઓછો થયો અને બાળકો ઘરમાં વધુમાં વધુ રહ્યા**

**રાષ્ટ્રીય સ્તરે પણ આજ હાલત**

ગણિતમાં બાળકો વધુ નબળા બની રહ્યા છે. કોરોનાના બે વર્ષ પછી દેશમાં શિક્ષણ પ્રત્યેની જાગૃતતા વધી છે તેમાં બે મત નથી. દેશમાં ૨૦૨૨ માં ૬ થી ૧૪ વર્ષની વયના બાળકોમાં ૯૮.૪% શાળામાં દાખલ થયા છે જે અત્યાર સુધીનો સૌથી મોટો પ્રવેશ છે.૨૦૧૮ માં તે ૯૭.૨% હતો પણ બાળકોની શિખવાની ક્ષમતા લર્નીંગ- એબીલીટી ઘટી છે. ખાસ કરીને ગણીતમાં બાળકો વધુ નબળા પુરવાર થઈ રહ્યા છે. ૨૦૧૪ થી ૨૦૧૮ સુધીમાં બાળકોમાં ગણીત શીખવાની ક્ષમતા તબકકાવાર વધી હતી. ધો.૩ માં દાખલ થયેલો વિદ્યાર્થી સરળતાથી ધો.૨ ના પાઠય પુસ્તક વાંચી શકતો હતો.જે પ્રમાણ ૨૦૧૮ માં ૨૭.૨% હતું પણ ૨૦૨૨માં ધો.૩ના વિદ્યાર્થીઓનું વાંચવાનું પ્રાથમિક સ્તરમાં ૬.૮% ઘટયુ છે.ફકત ધો.૩ નહીં ધોરણ-૫ના વિદ્યાર્થીઓ સુધી આ અસર હતી.

# રાજકોટ જીલ્લામાં ડ્રોનથી ૨૩૪ ગામોમાં ૧૫૦૦ હેક્ટર જમીનની માપણી કરાઈ







(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૯

ટેકનોલોજીના ઉપયોગથી સરકારી તંત્રની કામગીરી વધુ અસરકારક બને અને સાથે દેશના સામાન્ય માણસોની સુખાકારી વધે તે માટે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ આગવા અભિગમ સાથે અનેક પ્રોજેક્ટ - યોજના અમલી બનાવી છે. આવી જ એક યોજના એટલે 'સ્વામિત્વ' સર્વે ઓફ વિલેજીસ આબાદી એન્ડ મેપિંગ વિથ ઇમ્પ્રોવાઈઝ ટેક્નોલોજી ઈન વિલેજ એરિયાઝ). જેમાં ગામડામાં ડ્રોનથી મિલકતોનું સર્વેક્ષણ કરીને,ગામલોકોના પ્રોપર્ટી કાર્ડ બનાવવામાં આવે છે.

ગુજરાતમાં મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં 'સ્વામિત્વ' યોજનાનો પ્રભાવશાળી રીતે અમલ થઈ રહ્યો છે.

આ યોજનાની અમલવારીમાં રાજકોટ જિલ્લો અગ્રેસર રહીને કામ કરી રહ્યો છે.જમીન દફતરના નાયબ નિયામક રાજેશ કે.ગાંધી તથા જમીન દફતરના જિલ્લા નિરિક્ષક ભાવેશ ગાંભવાના નિરીક્ષણ હેઠળ હાલ જિલ્લાના વિવિધ ગામોમાં ડ્રોનથી સર્વે - માપણીની કામગીરી ગતિમાં છે. ભાવેશ ગાંભવાના જણાવ્યા મુજબ, 'સ્વામિત્વ' યોજના અંતર્ગત રાજકોટ જિલ્લામાં ડ્રોનથી ૨૩૪ ગામોમાં ૧૫૦૦ હેક્ટર જમીનની સર્વેની કામગીરી પૂર્ણ થઈ ગઈ છે. હવે ઠરાવો લખવાની તેમજ પ્રોપર્ટી કાર્ડ બનાવવા સંબંધિત કામગીરી ચાલી રહી છે.

## ઠરાવ લખવા, પ્રોપર્ટી કાર્ડ કાઢવા સહિતની ચાલતી કામગીરી

આ ઉપરાંત બાકીનાં ગામોમાં પણ ડ્રોનથી સર્વેક્ષણ-માપણીની કામગીરી ચાલી રહી છે.

રાજકોટ તાલુકના ૭૩, વિંછીયા તાલુકાના ૪૨, જસદણના ૪૯ તેમજ ધોરાજીના ૨૬ ગામોમાં ડ્રોનથી સર્વેક્ષણની કામગીરી પૂર્ણ થઈ ગઈ છે.જ્યારે ગોંડલ તાલુકાના ૬૮ ગામોમાં ક્રમશઃ આ કામગીરી ચાલી રહી છે. આગામી દિવસોમાં જેતપુરના ૪૨, ઉપલેટાના ૪૬, જામ કંડોરણાના ૪૫, કોટડા સાંગાણીના ૩૫ તેમજ લોધિકાના ૩૪ ગામોમાં સર્વેક્ષણની કામગીરી હાથ ધરાશે.

નોંધનીય છે કે,નવ રાજ્યોમાં પાયલોટ પ્રોજેક્ટમાં સફળતા મળ્યા બાદ, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ૨૪ એપ્રિલ ૨૦૨૧ના રોજ,પંચાયતી રાજના દિવસે 'સ્વામિત્વ' યોજના લોન્ચ કરી હતી. આ આ એક કેન્દ્રીય યોજના છે,જે અંતર્ગત તમામ ગ્રામીણ વિસ્તારોમાં ડ્રોનનો ઉપયોગ કરીને સર્વે કરવામાં આવે છે.આ સાથે,દરેક ગામ માટે જીઆઈએસ આધારિત નકશા તૈયાર કરવામાં આવે છે. આ સરવે થકી ગ્રામીણ આયોજન માટે જમીન રેકોર્ડ સચોટ બનાવવા,મિલકત વેરા નક્કી કરવા,સર્વે ઇન્ફ્રાસ્ટ્રકચર અને જી.આઈ.એસ.નકશા બનતા અન્ય કોઇ પણ સરકારી વિભાગ તેમના ઉપયોગમાં પણ લઈ શકશે. ગામના સંપત્તિ વિવાદ અને કાનૂની કેસોમાં ઘટાડો થશે.

### બિલકુલ ફ્રીમાં થાય છે સર્વે : પ્રોપર્ટી કાર્ડ માટે પણ કોઈ ચાર્જ નહીં

જમીનની સર્વેક્ષણ - માપણી માટે લોકો પાસેથી કોઈપણ પ્રકારનો ચાર્જ વસુલ કરવામાં આવતો નથી. આ યોજના અંતર્ગત લોકોને પ્રોપર્ટીકાર્ડ કોઈ ફી લીધા વિના આપવામાં આવે છે.

### સ્વામિત્વ યોજનાના ફાયદા

ગામના રહેવાસીઓને તેમની પ્રોપર્ટીના કાર્ડ મળશે. પોતાની માલિકીના મકાનનું ટાઇટલ ક્લીયર થયેલું મળશે. તે મકાન પર કોઈપણ બેંકમાંથી લોન મળી શકશે. મકાનનો કાયદેસરનો વેચાણ દસ્તાવેજ કરી શકાશે તથા અન્યને તબદીલ કરી શકાશે.

### માપણીના ફાયદા

માપણી અતિ આધુનિક ડ્રોનથી થાય છે તથા ૧ થી પાંચ સેન્ટિમીટર સુધીની ચોક્કસાઈ મળે છે. આ પ્રોજેક્ટ સર્વે ઓફ ઇન્ડિયા કેન્દ્ર સરકારની એજન્સી દ્વારા થાય છે.અન્ય તમામ રાજ્યોમાં પણ કામગીરી ચાલુ છે તથા ઘણા રાજ્યોમાં સફળતાપૂર્વક પ્રોપર્ટી કાર્ડ આપવામાં આવ્યા છે.

# શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળ ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે વકતૃત્વ સ્પર્ધા યોજાઈ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૯

શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળ ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે ધો.૪ થી ૬ ના વિદ્યાર્થીઓ માટે વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સ્પર્ધાના આયોજનનો હેતુ વિદ્યાર્થીઓને શ્રોતાઓ સમક્ષ પોતાના વિચારો અને વિષયને આત્મવિશ્વાસ સાથે પ્રસ્તુત કરવા માટે મંચ પુરૂ પાડવાનો હતો. વક્તવ્ય રજુ કરવા માટે દરેક વિદ્યાર્થીને બે મિનિટનો સમય ફાળવવામાં આવ્યો હતો. દરેક વિદ્યાર્થીઓને આ વક્તૃત્વ સ્પર્ધામાં ફરજીયાત ભાગ લેવાનો હતો અને આ



માટે શાળા દ્વારા બનાવવામાં આવેલ વ્હોટ્સએપ ગ્રુપમાં અમુક વિષયોની વીડિયો કિલપ્સની લીંક મોકલવામાં આવી હતી. જેમાંથી વિદ્યાર્થીઓએ તેમની પસંદના વિષયની વીડિયો કિલપને ધ્યાનપૂર્વક જોઈને જે-તે વિષય ઉપર તેના વિચારો અને મંતવ્યો અંગ્રેજી ભાષામાં રજુ કરવાના હતા. નિર્ણાયકોએ પણ વિદ્યાર્થીઓના આત્મવિશ્વાસ સાથે રજુ કરેલા વકતવ્યને ચિવટપૂર્વક સાંભળીને વિજેતા ઘોષીત કર્યા હતા. આ સ્પર્ધામાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને તેમની વિષયની પસંદગી, તૈયારી અને રજૂઆત માટે નિર્ણાયકો અને શિક્ષકો દ્વારા બિરદાવવામાં આવ્યા હતા. તેમ જણાવ્યું છે.

# સાઈકલ ચલાવવા થઈ જાઓ તૈયાર : ૫ ફેબ્રુઆરીએ રાજકોટમાં યોજાશે 'સાયકલોફન'

## 'ફિઝિકલ' સાયકલોફનમાં રાજકોટની ૫૦૦ થી વધુ સ્વનિર્ભર શાળાના ધોરણ ૫ થી ૧૨ ના વિદ્યાર્થીઓ લેશે ભાગ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૯

પહેલીવાર સાયકલિંગ કરનારા સાઈકલિસ્ટ તેમજ બાળકોને કેન્દ્રમાં રાખી ૫ કિ.મી.( ફન રાઇડ) સાયકલરાઈડનું ભવ્ય આયોજન કરેલ છે. સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ દ્વારા વિદ્યાર્થીઓને ફનરાઈડ માટે માર્ગદર્શન આપવામાં આવશે અને બાળકોને સાયકલિંગ માટે પ્રોત્સાહિત કરવામાં આવશે. ધોરણ ૫ થી ૧૨ ના બાળકો ભારતનું ભવિષ્ય છે. તે સ્વાસ્થ્ય પ્રેમી,પ્રકૃતિ પ્રેમી અને રાષ્ટ્રપ્રેમી બને તે માટે પ્રયત્ન કરવામાં આવશે.આ સાયકલો ફોનમાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થી અને માતા પિતા જનજાગૃતિ કેળવે તે માટેના પ્રયત્નો કરવામાં આવશે.

આ વર્ષે રોટરી કલબ ઓફ રાજકોટ મીડટાઉન, રાજકોટ મહાપાલિકા અને રાજકોટ સાયકલ કલબની સાથે શહેરની ૫૦૦ જેટલી સેલ્ફ ફાયનાન્સ સ્કૂલ એસોસિએશન દ્વારા મળીને આગામી પાંચ ફેબ્રુઆરીએ રાજકોટમાં ભવ્યાતિભવ્ય સાયક્લોફન યોજવામાં આવી રહી છે જેની અત્યારે તડામાર તૈયારીઓ ચાલી રહી છે.

સાયકલોફનના આયોજકોના જણાવ્યા પ્રમાણે આ વખતની સાયકલોફનનું આયોજન ખાસ કરીને પહેલીવાર સાયકલિંગ કરનારા સાયકલીસ્ટ તેમજ બાળકોને સાયકલ પ્રત્યે વધુમાં વધુ કેમ વાળી શકાય તેના પર વધુ ધ્યાન કેન્દ્રીત કરીને કરવામાં આવ્યું છે.

આ માટે આ વર્ષની સાયકલોફનમાં પાંચ કિલોમીટર અને વીસ કિલોમીટરની સાયકલરાઈડ યોજવામાં આવશે.આ આયોજનમાં આ વર્ષે પહેલીવાર સેલ્ફ ફાયનાન્સ સ્કૂલ એસોસિએશન પણ જોડાયું છે જે અંતર્ગત શહેરની ૫૦૦ થી વધુ શાળાઓ તેમાં જોડાઈ છે.

ઈવેન્ટમાં સહભાગી થવા માંગતી સંસ્થાઓ તેમજ લોકો રોટરી મીડટાઉન લાયબ્રેરી અથવા સેલ્ફ ફાયનાન્સ સ્કૂલ એસોસિએશનનો સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે. પાંચ ફેબ્રુઆરીએ રાજકોટમાં યોજાનારી સાયકલોફનમાં ભાગ લેવા માંગતાં (૧૮ વર્ષથી ઊપરના) સાયકલીસ્ટો **www.cyclofun.org** ઉપર પોતાનું રજિસ્ટ્રેશન કરાવી શકશે.આ ઉપરાંત વધુ વિગતો માટે તેઓ ૭૪૦૫૫ ૧૩૪૬૮ ઉપર ટેલિફોનિક સંપર્ક કરી શકશે.

# અબુધાબીમાં આકાર લઈ રહેલા BAPS મંદિરમાં કાર સેવા કરતા જૈન વિઝનનાં મિલન કોઠારી



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૯

અબુધાબીમાં કરોડો લોકોની આસ્થાના પ્રતિક સમાન બીએપીએસ હિન્દુ મંદિરનું બાંધકામ પૂર જોશમાં ચાલી રહ્યું છે અને ૨૦૨૪માં વસંત પંચમીનાં દિવસે પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ યોજાય એ રીતે તૈયારી ચાલી રહી છે ત્યારે તાજેતરમાં યુ.એ.ઈ.ના પ્રવાસે ગયેલા જૈન વિઝનનાં સંયોજક મિલન કોઠારીને આ મંદિરમાં ઈંટ મુકવાની એટલે કે કાર સેવાની સુંદર તક મળી હતી. આ મંદિરની મુલાકાત પ્રંસગે સ્થાનિક આગેવાનો સુનિલભાઈ પારેખ કિશોરભાઈ મેહતા અને કલ્પેશભાઇ દોશી કાનાભાઇ પાધી અને ભાર્ગવ ઠાકર વગેર ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમ જણાવ્યું છે.

# હોમિયોપેથીક-એકયુપ્રેશર સારવાર કેમ્પ



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૯

બજરંગ મિત્ર મંડળ ટ્રસ્ટ અને કામનાથ મહાદેવ મંદિર ટ્રસ્ટના સંયુકત ઉપક્રમે હોમિયોપેથીક અને એકયુપ્રેશર સારવારના સંગમથી દર્દીઓને કાયમી ધોરણે સાજા કરવાના ભાગરૂપે તાજેતરમાં ખાસ નિદાન સારવાર કેમ્પનો પ્રારંભ બજરંગ મિત્ર મંડળ ટ્રસ્ટના ડો.એન.જે.મેઘાણીના હસ્તે થયો હતો. જેમાં બજરંગ મિત્ર મંડળ ટ્રસ્ટના ટ્રસ્ટી રોહિતભાઇ કારિયા, ધૈર્યભાઇ, રાજદેવ, ગોરધનભાઇ લાલસેતા, મનુભાઇ ટાંક, જે.ડી. ઉપાધ્યાય, ચિરાગભાઇ ધામેચા, કામનાથ મહાદેવ મંદિરના પ્રિયવદનભાઇ કકકડ, લક્ષ્મીદાસભાઇ ચૌહાણ, ભોલા મહારાજ વગેરે હાજર રહ્યા હતા. આ કેમ્પમાં હોમિયોપેથી અને એકયુપ્રેશરના અસંખ્ય દદીઓએ લાભ લીધો હતો.

જિલ્લા વહીવટીતંત્ર, પોલીસ વિભાગ, ગુજરાત એથ્લેટિક્સ અને વિદ્યાસભાના ઉપક્રમે

# અમરેલીમાં રવિવારે રાજયભરના ૩ હજાર સ્પર્ધકો 'મેરેથોન' માં જોડાશે

## પ્રથમ ૧ થી ૫ નંબર વિજેતાઓને ૨૫૦૦થી લઈને ૨૧ હજાર સુધીની રકમ, મેડલ એનાયત થશે

(મિલાપ રૂપારેલીયા દ્વારા)

અમરેલી, તા.૧૯

ડો. જીવરાજ મહેતા સંસ્થાપિત શ્રી અમરેલી જિલ્લા વિદ્યાસભા દ્વારા આઝાદીનાં અમૃત મહોત્સવ અંતર્ગત સ્વસ્થ ભારત, શ્રેષ્ઠ ભારત અભ્યાસના સંદેશ સાથે ઓપન ગુજરાત મેરેથોનની તડામાર તૈયારી થઈ રહી છે. શાંતાબા ગજેરા મેરેથોન-અમરેલીમાં આશરે ૩,૦૦૦ થી પણ વધુ સ્પર્ધકો ભાગ લઈને પોતાનું આગવું કૌશલ્ય બતાવશે. શાંતાબા ગજેરા મેરેથોનમાં મેન અને વુમેન બન્ને માટે કોમ્પિટિશન રાખવામાં આવી છે તથા ફન રનનું પણ આયોજન કરવામાં આવેલ છે.

આ મેરેથોનનાં સ્પોનસર ગજેરા ચેરીટેબલ ટ્રસ્ટ, લક્ષ્મી ડાયમંડ, સુરક્ષા સેવા સેતુ તથા વિદ્યાસભા સ્કૂલ દ્વારા વિનર ખેલાડીઓને ટી-શર્ટ, મેડલ, સર્ટિફિકેટ તથા ૧ થી ૫ નંબર વિજેતા ખેલાડીઓને રૂા. ૨૫૦૦થી લઈને ૨૧,૦૦૦ સુધીની રોકડ રકમ સ્પોનસરો દ્વારા આપવામાં આવશે. જિલ્લા કલેકટર ગૌરાંગ મકવાણા, એસપી હિમકરસિંહ, ડીડીઓ દિનેશ ગુરવનાં હસ્તે મેરેથોનનું પ્રસ્થાન. અમરેલી તથા ગુજરાતની તમામ જનતાને તા. ૨૨ જાન્યુઆરી ૨૦૨૩ને રવિવારના રોજ સવારે ૫ કલાકે વિદ્યાસભા કેમ્પસ ખાતે શાંતાબા ગજેરા મેરેથોનમાં સ્પર્ધકોને પ્રોત્સાહન કરવા અને ફન રનમાં ભાગ લેવા માટે સ્પોનસરો દ્વારા હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરાના સંદેશ સાથે કેમ્પસ ડાયરેકટર હસમુખભાઈ પટેલનાં માર્ગદર્શનતળે સમગ્ર આયોજનની તડામાર તૈયારીઓ થઈ રહી છે. એમ વિદ્યાસભાની યાદીમાં જણાવેલ છે.

# મીઠાપુર હાઈસ્કૂલમાં વાર્ષિક કાર્યક્રમ યોજાયો



(દિવ્યેશ જટણીયા દ્વારા)

મીઠાપુર, તા.૧૯

ઓખામંડળ તાલુકાનાં મીઠાપુર ગામે આવેલી મીઠાપુર હાઈસ્કૂલમાં વાર્ષિક સાંસ્કૃતિક કાર્યક્રમ ભારે દબદબાભેર ઉજવવામાં આવ્યો. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે મીઠાપુર ટાટા કેમિકલ્સના એન. કામથ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં શાળાના બાળકો દ્વારા અલગ-અલગ કૃતિઓ રજૂ કરી ઉપસ્થિત લોકોના હૃદય જીતી લીધા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે શાળાના આચાર્ય ઉપરાંત તમામ શિક્ષકો તથા બાળકો દ્વારા ભારે મહેનત લેવામાં આવી હતી. આ પ્રસંગે એન. કામથ દ્વારા પણ બાળકો તથા સ્કૂલના વિકાસને વધુ વેગ મળે તે માટે પૂરી તૈયારી દર્શાવી હતી અને બાળકોને અભ્યાસ ઉપરાંત દરેક પ્રવૃત્તિઓમાં આગળને આગળ વધે તે માટે પ્રોત્સાહિત કર્યા હતા.

# રાજકોટ જિલ્લામાં ઉત્તરાયણથી આજ દિન સુધી ૮૨૦ પંખીઓને બચાવાયા



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૯

મકરસંક્રાંતિના તહેવાર દરમ્યાન પતંગ અને તેના દોરાથી ઘાયલ થતા પંખીઓને બચાવવા માટે રાજયસરકાર દ્વારા રાજયભરમાં કરૂણા અભિયાન કાર્યરત કરવામાં આવ્યું છે. જે અન્વયે રાજકોટ જિલ્લામાં ઉત્તરાયણથી આજ દિન સુધી કુલ ૮૨૦ પંખીઓને પશુપાલન ખાતાની ૧૯૬૨ એમ્બ્યુલન્સ તથા કરૂણા ફાઉન્ડેશન દ્વારા તાત્કાલિક સારવાર આપીને બચાવાયા છે. તેમજ ૮૨ પંખીઓના મૃત્યુ થયા છે. જેમાં સૌથી વધુ ૮૦૮ જેટલા કબુતરોને ઇજા થઇ હતી. જયારે કે એક ચકલી, એક પોપટ, ચાર સમડી, બે ધુવડ, એક ઇકોટ સહિતના પંખીઓ ઇજા પામ્યા હતા.

## પંખીઓને બચાવવા ડ્રોનનો ઉપયોગ:ચાર પંખીઓને બચાવાયા

આ ઉપરાંત, કરૂણા અભિયાન અન્વયે સંક્રાતના બીજા દિવસે ડ્રોનનો ઉપયોગ કરી ૬૦ થી ૭૦ ફુટની ઉંચાઇ કે જયાં માનવીય પ્રયાસો દ્વારા નિસરણીથી કે ફાયર બ્રિગેડની મદદથી ન પહોંચી શકાયએ તેવા ઝાડવા સહિતની જગ્યાઓથી ચાર પંખીઓને બચાવાયા હતા. આમ, આધુનિક ટેકનીકનો ઉપયોગ પંખીઓના બચાવ માટે પણ કરાયો હતો.

કરૂણા અભિયાન અંતર્ગત રાજકોટ જિલ્લામાં ૨૦ થી વધુ પશુ દવાખાનાઓમાં ૩૦ થી વધુ વેટરનરી ડોકટરોની ટીમ દ્વારા ઇજાગ્રસ્ત પક્ષીઓની સારવાર કરવામાં આવી રહી છે. તા.૧૦ થી શરૂ થયેલુ આ અભિયાન તા. ૨૦ જાન્યુઆરી સુધી ચાલશે. વન વિભાગ દ્વારા સવારના ૭ થી ૬ કલાક સુધી તમામ તાલુકામાં કંટ્રોલ રૂમ કાર્યરત કરાયો છે. તેમજ ૨૬ જેટલા સારવાર કેન્દ્રો ઉભા કરાયા છે. સંક્રાતના દસ દિવસ જ નહી પરંતુ ૩૬૫ દિવસ આ પંખી બચાવનું અભિયાન રાજકોટ જિલ્લામાં પશુપાલન ખાતા તથા કરૂણા અભિયાન દ્વારા ચાલે છે તે ઘાયલ પંખીઓ માટે કાર્યરત છે.

ઘવાયેલા પંખીઓ અદ્યતન સારવાર અને ઓપરેશન કરવામાં આવે છે. જેમાં પાંચ કરૂણા એમ્બ્યુલન્સ અને મહાનગરપાલિકા તેમજ પશુપાલન વિભાગના વાહનોમાં પશુ દવાખાના સુધી લઇ જવાની વ્યવસ્થા છે. આ અભિયાન જિલ્લા કલેકટર અરૂણ મહેશ બાબુ, જિલ્લા પશુપાલન અધિકારી ડો. ખાનપરા, ડો.વસિયાણી, કરૂણા ફાઉન્ડેશનના પ્રતીકભાઇ સંઘાણી, મિતલભાઇ ખેતાણી સહિતના અનેક જીવદયા પ્રેમીઓ કાર્યરત છે.

# પર્યાવરણ પ્રવૃતિ બદલ એવોર્ડ



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૯

આર.કે. યુનિવર્સિટી તેમજ એસ.એચ.ટી.સી. દ્વારા દર વર્ષે સમાજની અસાધારણ સેવાના સન્માનમાં વ્યકિતઓ અને સંસ્થાઓને કે.એસ.પટેલ સોશિયલ ઇમ્પેકટ એવોર્ડ આપવામાં આવે છે. કે.એસ.પટેલ સોશિયલ ઇમ્પેકટ એવોર્ડ ૨૦૨૨, વિજયભાઇ ડોબરીયાને એનાયત કરવામાં આવ્યો હતો. ગુજરાત રાજયના ગ્રીન મેન વિજયભાઇ ડોબરીયાએ માનવસેવા ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ છે તેઓએ ખૂબ જ ઓછા સમયમાં સદભાવના વૃધ્ધાશ્રમને પોતાના સેવા કાર્યોથી દરેક શેરીઓ, મહોલ્લાઓ અને સોસાયટીઓમાં જાણીતું બનાવ્યુ છે. તેઓ રાજયને ગ્રીન બનાવવાનું પણ અભિયાન ચલાવી રહ્યા છે જે અંતર્ગત ખૂબ ટૂંકા સમયમાં ૧૯,૦૦,૦૦૦ વૃક્ષો વિનામૂલ્યે પીંજરા સાથે વાવી તેનું જતન કરવામાં આવ્યુ છે.

વિજયભાઇ ડોબરિયાના આ સત્કાર્ય માટે તેમને કે.એસ.પટેલ સોશિયલ ઇમ્પેકટ એવોર્ડ ૨૦૨૨ ડો.વી.કે.સારસ્વત(સભ્ય-નીતી આયોગ, ભારત સરકાર)ના હસ્તે એનાયત કરવામાં આવ્યો હતો.

# મનપાના જનરલ બોર્ડમાં લાયબ્રેરી,સોલાર વિશે ચર્ચા, શહેરીજનોની સમસ્યા અંગે કોઇ વાત નહીં...

## શહેરમાં રોગચાળો,બ્રિજના અધુરા કામ,ટ્રાફિકની સમસ્યા જેવા પ્રશ્નોની ચર્ચા કરવામાં આવી નહીં







(તસવીરઃ પંકજ ડાભી)



### સ્ટેન્ડિંગમાં ત્રણ પ્રશ્નોની ચર્ચા કરવામાં આવી છેઃ પુષ્કર પટેલ

સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન પુષ્કર પટેલે મીડિયાને જણાવ્યું હતું કે, દરેક સભ્યને પોતાનો પ્રશ્ન રજૂ કરવાનો અધિકાર છે આજે બોર્ડમાં ત્રણ પ્રશ્નોની ચર્ચા થઇ છે.ભૂતકાળમાં રોડ રસ્તા,પાણી,સફાઇ અને ઢોર સહિતના મુદ્દે પણ ચર્ચાઓ થઇ ચૂકી છે ત્યારે દરેક સભ્યોને જે યોગ્ય લાગે તે પ્રશ્નો પુછતા હોય છે.

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ.તા.૧૯

રાજકોટ મહાનગરપાલિકાનું જનરલ બોર્ડ આજે મળ્યું હતું. જેમાં ચૂંટણીને કારણે પેન્ડિંગ તેમજ તાજેતરમાં મળેલી સ્ટેન્ડિંગમાં લેવાયેલા નિર્ણયો સહિતની ૧૭ દરખાસ્ત મૂકવામાં આવી હતું પરંતુ બોર્ડ શરૂ થયું તેની થોડી જ વારમાં વિપક્ષી નેતા અને કોર્પોરેટર ભાનુબેન સોરાણીએ વોક આઉટ કર્યું હતું.

ઉલ્લેખનીય છે કે જ્યાં લોકોના પ્રશ્નોની ચર્ચા કરવાની હોય તેવા રાજકોટ મહાનગરપાલિકાના જનરલ બોર્ડમાં હાસ્યાસ્પદ પ્રશ્નોની ચર્ચાઓ કરવામાં આવી હતી.આજે ૪ મહિના બાદ રાજકોટ મહાનગરપાલિકાના જનરલ બોર્ડમાં પ્રશ્નોતરી કરવામાં આવી હતી જેમાં શાસક પક્ષના કોર્પોરેટરોએ લાયબ્રેરીમાં કેટલા લોકો આવ્યા,લાયબ્રેરીમાં પુસ્તકો કેટલા સહિતના સામાન્ય કહી શકાય તેવા ૧૭ પ્રશ્નો પુછવામાં આવ્યા હતા અને બોર્ડનો એક કલાકનો સમય પૂરો કરી દેવામાં આવ્યો હતો.જયારે શહેરમાં રોગચાળો,બ્રિજના અધુરા કામ,ટ્રાફિકની સમસ્યા જેવા પ્રશ્નોની ચર્ચા કરવામાં આવી ન હતી.આ મુદ્દે વિપક્ષે પણ વોક આઉટ કર્યું હતું.

આજરોજ યોજોયેલા જનરલ બોર્ડમાં પ્રથમ પ્રશ્ન વોર્ડનં. ૧૪ ના કોર્પોરેટર ભારતીબેન મકવાણાએ લાયબ્રેરી અંતર્ગત પુછવામાં આવ્યો હતો. જેના જવાબમાં કમિશનરે જણાવ્યું હતું કે વર્ષ દરમિયાન રાજકોટ મનપા સંચાલિત લાયબ્રેરીને કુલ ૧૨.૫૮ લાખની આવક થઇ રહી છે. અને લાયબ્રેરીમાં કુલ ૨૫ જગ્યાઓ મંજૂર કરવામાં આવી છે. જેમાંથી હાલમાં ૧૧ જગ્યાઓ ખાલી પડી છે. શહેરની મનપા સંચાલિત લાયબ્રેરીનો વર્ષ દરમ્યાનનો કુલ ૩ કરોડ ૨૨ લાખ રૂપીયા જેટલો મેન્ટેન્સ ખર્ચ કરવામાં આવી રહ્યો છે. અને આગામી સમયમાં ઇ-લાયબ્રેરીની પણ શરૂઆત કરવામાં આવશે.૧૦ લાખના ખર્ચ વર્ષ દરમ્યાન કુલ ૬૮૪૬ પુસ્તકોની ખરીદી મનપા દ્વારા કરાવામાં આવી છે. હરતી ફરતી લાયબ્રેરી પાછળ વર્ષ દરમ્યાન ૨૭ લાખનો ખર્ચ કરવામાં આવી રહ્યો છે. આ ઉપરાંત કોર્પરેટરે આરોગ્યના હરતા ફરતા દવાખાના અંતર્ગત પ્રશ્નો પુછ્યો હતો જેના જવાબમાં કમીશનરે જણાવ્યું હતું કે રાજકોટ શહેરી વિસ્તારમાં ચાલતા હરતા ફરતા દવાખાનામાં કુલ ૪૫૫૮ લોકોએ લાભ લીધો છે. અને આગામી સમયમાં જો જરૂર પડશે તો શહેરના સ્લમ વિસ્તારો સુધી પણ આરોગ્યલક્ષી સુવિધા સરળતાથી મળી શકે તે હેતુથી સેવામાં વધારો કરવાની વિચારણા કરવામાં આવશે. આ ઉપરાંત શહેરમાં મનપા દ્વારા કેટલી સોલાર પેનલો લગાવવામાં આવી છે તેની પ્રશ્નોતરી કરાઇ હતી અને આ ત્રણેય પ્રશ્નોમાં જ જનરલબોર્ડને સમેટી લેવામાં આવ્યું હતું તેમજ મુકાયેલ ૧૭ દરખાસ્તો સર્વાનુમતે મંજૂર કરવામાં આવી હતી તેમજ ગુજરાત વિધાનસભામાં ભાજપને ઐતિહાસિક જે જીત મળી છે તે માટે સમગ્ર બોર્ડ દ્વારા વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી અને મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને અભિનંદન આપો ઠરાવ પસાર કરાયો હતો.

### આપના સાગઠિયા અને ભારાઈ ગેરહાજર

વિધાનસભાની ચૂંટણી દરમિયાન મનપાનું જનરલ બોર્ડ મળ્યું હતું પણ આચારસંહિતાને કારણે ફક્ત ઔપચારિકતા પૂર્ણ કરાઈ હતી. કોર્પોરેટર વશરામ સાગઠિયા અને કોમલેબન ભારાઈ કોંગ્રેસ છોડી આપમાં જોડાતા શહેરી વિકાસ વિભાગે બન્નેને ગેરલાયક ઠેરવવા હુકમ કર્યો હતો. પરંતુ સાગઠિયા કોર્ટમાં પહોંચ્યા હતા. જો કે, હજુ સુધી તેમાંથી કોઈ રાહત ન મળતા તેઓ ગેરહાજર રહ્યા હતા.

### જનરલ બોર્ડમાં હાસ્યાસ્પદ પ્રશ્નોની ચર્ચાઓ કરવામાં આવીઃ કોર્પોરેટર ભાનુબેન સોરાણી

ભાનુબેન સોરાણીએ જણાવ્યું હતું કે એક જ પ્રશ્નની કલાક સુધી ચર્ચા કરે છે,બહાર નીકળે તો જનતાની પરેશાની દેખાય ને!' વધુમાં તેમણે જણાવ્યું હતું કે, સામાન્ય રીતે દર બે મહિને જાય છે તેમાં પણ એકમાત્ર લાઇબ્રેરીની જ એક કલાક સુધી ચર્ચા ચાલે છે અન્ય કોઈને બોલવાનો મોકો નથી મળતો ને માત્ર ભાજપના કોર્પોરેટરો આ લાઇબ્રેરીની રસ ચર્ચા કર્યા કરે છે રાજકોટમાં અત્યારે રોગચાળો વધે છે જનતા બીમારીનો સામનો કરી રહી છે તેની ચર્ચા તો જનરલ બોર્ડમાં કરવામાં જ નથી આવતી. અનેક સ્થળોએ પીવાનું પાણી ગંદુ આવે છે તો તેની ચર્ચા કોણ કરશે આ બધી સમસ્યાઓ અંગે જનરલ બોર્ડમાં ચર્ચા કરવી જોઈએ તેની તો કોઈ ચર્ચા નથી કરતો. આ સિવાય અમે જે પ્રશ્નો રજૂ કરીએ છીએ તેને પણ તેને લેવામાં નથી આવતા. આજ કારણથી આજે અમે લોકોએ વોક આઉટ કર્યું છે.

### ઉગ્ર દલીલો બાદ કોર્પોરેટર ભાનુબેન સોરાણીએ વોક આઉટ કર્યું હતું

### જનરલ બોર્ડમાં અનેક કોર્પોરેટરને જાણે કોઇ રસ જ નહીં??: પ્રજાના પ્રશ્રનોની ચર્ચાને બદલે મોબાઇલમાં મશગુલઃ ભારે ચર્ચા

# કરીયાવરમાં આવેલી વસ્તુઓ હલકી છે, સારી ચીજો લઈ આવ કહી નવોઢાને ત્રાસ

### મહિલા પોલીસમાં પતિ,સાસુ અને સસરા સામે નોધાતો ગુનો

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ.તા.૧૯

શહેરમાં રેલનગરમાં દ્વારકેશ રેસીડેન્સીમાં અને હાલ જામનગર રોડ પર માધાપર નજીક સિંધોઈ નગરમાં માવતરના ઘેર રહેતી કિંજલબેન જયભાઈ પંડયાને પતિ સહિતના સાસરીયાઓ કરીયાવર બાબતે ઝગડો કરી મારકુટ કરી ત્રાસ આપતા હોવાની ફરિયાદ નોધાવતા મહિલા પોલીસે પતિ જય,સસરા રમેશચન્દ્ર જેન્તીલાલ પંડયા અને સાસુ વર્ષાબેન સામે ગુનો નોધી આરોપીની ધરપકડ કરવાની કાર્યવાહી કરી છે. પોલીસની ફરિયાદમાં કિંજલબેને જણાવ્યું હતુ કે પોણા બે વર્ષ પહેલા તેના લગ્ન જય સાથે થયા હતા. લગ્નના એક માસ બાદ સાસુ કહેતા કે પીયરથી જે કરીયાવરમાં લાવેલ છે તે હલકી વસ્તુઓ છે. બ્રોન્ડેડ વસ્તુઓ આપેલ નથી. તેમજ પૈસા લઈ આવ તેમ કહી અવાર નવાર મેણા ટોણા મારી ત્રાસ આપતા હતા. પતિના કોચીંગ ક્લાસમાં જતી અને તેને મદદ કરતી મારે તેના ક્લાસમાં નોકરી ન કરવી હોય તો પણ મને નોકરી માટે દબાણ કરતા હતા અને એક પણ પૈસો આપતા નહી. તેમજ મારા માતા-પિતા સાથે મને વાતચીત પણ કરવા દેતા ન હોય અને પીયરે જવાની પણ ના પાડતા હોય લગ્નના છ માસ બાદ ઝગડો થતા પિયર ચાલી જતા સમાધાન કરી તેડી જઈ થોડા દિવસ બાદ ફરી મારકૂટ કરી હેરાન કરતા હોવાનું જણાવતા પોલીસે કાર્યવાહી કરી છે.

# મુંબઈ-ગોવા હાઈ-વે રક્તરંજીતઃ બે અકસ્માતમાં ૧૩ના મોત







### ઈકો કાર અને ટ્રક વચ્ચે ભયાનક અકસ્માતમાં ૯ ના મોત, ૧ બાળક ગંભીરઃ બીજા અકસ્માતમાં ખાનગી બસને અકસ્માત નડતા ૪ ના મોત, ૨૩ ઘાયલ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

મુંબઈ, તા.૧૯

આજે વહેલી સવારે મુંબઈ-ગોવા હાઈ-વે પર રાયગઢના રીપોલી વિસ્તાર પાસે એક કાર અને ટ્રક વચ્ચે ભીષણ અકસ્માત સર્જાતા કારમાં સવાર ૪ મહિલાઓ સહિત ૯ લોકોના સ્થળ પર મૃત્યુ થયા હતા અને ૪ વર્ષના એક બાળકને ગંભીર ઈજા થઇ હતી. ટ્રક સાથે કારની ટક્કર એટલે બધી પ્રચંડ અને ભીષણ હતી કે કારનો બુકડો બોલી ગયો હતો.

રાયગઢ પોલીસે જણાવ્યા મુજબ ઇકો કારમાં બેસીને મુંબઈ જઈ રહેલા એક પરિવારની કાર ટ્રક સાથે અથડાઈ પડી હતી. પરિણામે વહેલી સવારે હાઈ-વે રક્તરંજીત થઇ ગયો હતો અને મરણચીસોથી આખો હાઈ-વે ગુંજી ઉઠયો હતો. ૪ મહિલાઓ અને પાંચ પુરૂષોના સ્થળ પર જ મૃત્યુ થયાનું પોલીસે જણાવ્યું હતું. આ ઘટનાથી ભારે અરેરાટી પ્રસરીવળી હતી.

ગંભીર અકસ્માતની જાણ થતા જ પોલીસ તથા રાહત બચાવ ટુકડીઓ સ્થળ પર ધસી ગઈ હતી. સ્થાનિક લોકોની મદદથી ૪ વર્ષના ઈજાગ્રસ્ત બાળકને કારમાંથી બહાર કાઢવામાં આવ્યો હતો અને હોસ્પિટલ પહોંચાડવામાં આવ્યો હતો. બાળકની હાલત ગંભીર હોવાનું જાહેર થયું છે.

પોલીસે જણાવ્યું હતું કે, આજે વહેલી સવારે ૫:૩૦ વાગ્યાના અરસામાં હાઈ-વે પર મહારાષ્ટ્રના રાયગઢ જિલ્લાના માનગાંવ પાસે આ હૃદયદ્રાવક દુર્ઘટના સર્જાઈ હતી. સામેથી આવતા ટ્રકની હેડલાઈટના પ્રકાશથી કારચાલકની આંખો અંજાઈ ગઈ હતી અને ડ્રાઈવરે કાબુ ગુમાવી દેતા પુરઝડપથી સામેથી આવતા ટ્રક સાથે ઇકો કાર ધડાકાભેર ટકરાઈ હતી. મુંબઈ-ગોવા હાઈ-વે અકસ્માતો માટે કુખ્યાત બની રહ્યો છે. અહીં અવાર-નવાર જીવલેણ અકસ્માતો સર્જાઈ છે. ખાસ કરીને કોંકણ તરફ જતા રસ્તા પર તો દરરોજ અકસ્માતો થાય છે. અહીં સ્પીડ નિયંત્રણનો અભાવ હોવાથી નિર્દોષ મુસાફરો જાન ગુમાવી રહ્યા છે. આ હાઈ-વે પર જ આજે બીજો અકસ્માત પણ થયો હતો. કણકવલી ગામ પાસે ખાનગી બસના ચાલકે બસ પરનું નિયંત્રણ ગુમાવી દેતા સર્જાયેલા અકસ્માતમાં ૪ લોકોના મોત થયા હતા અને અન્ય ૨૩ મુસાફરો ઘાયલ થયા હતા. આ બસ મુંબઈથી ગોવા તરફ જઈ રહી હતી. તમામને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.(૨.૧૨)

# રાજકોટના કારખાનેદારને હનીટ્રેપમાં ફસાવનાર ટોળકી પકડાઈ

### ફરિયાદીનું અપહરણ કરી બાદમાં તેને માર મારવાની ધમકી આપી



રાજકોટ.તા.૧૯

રાજકોટમાં વધુ એક હનીટ્રેપની ઘટના સામે આવી છે. જેમાં લગ્નની લાલચ આપી અપહરણ કરી હનીટ્રેપમાં ફસાવી બળજબરીથી ૫૫,૦૦૦ રૂપિયા પડાવી લેવામાં આવ્યા હતા, જે ફરિયાદ આધારે પોલીસે બે મહિલા સહિત ૩ આરોપીની ધરપકડ કરી અન્ય એકની શોધખોળ હાથ ધરી છે.

આરોપી સોનલે ફરિયાદી સાથે સંપર્ક સાધી ૫ મહિના બાદ લગ્નની લાલચ આપી હતી અને પૂર્વ આયોજીત કાવતરૂ કરી સોનલ પટેલ તેની સાથે આરોપી જાનકીને ફરિયાદીના ઘરે લગ્ન સબંધ કરાવવા બહાને છોકરી તરીકે બતાવવા લઇ જઇ ત્યાં ફરિયાદી તથા જાનકી બેઠા-બેઠા વાતો કરતા હતા. તે દરમ્યાન અન્ય આરોપીઓ જીતુદાન ઉર્ફે ભુરો તથા ચીરાગ ઉર્ફે લાલો બન્ને ફરિયાદી તથા આરોપી જાનકી બન્નેના મોબાઇલ ફોનમાં ફોટા પાડી ફરિયાદીને બન્ને ગાલોમાં તથા કાનના ભાગે તથા માથાના ભાગે જાપટો મારી હોન્ડા સીટી કારમાં ફરિયાદીના ઘરેથી બળજબરીથી અપહરણ કરી લઇ ગયા હતા.

આરોપીઓએ ફરિયાદીનું અપહરણ કરી બાદમાં તેને માર મારવાની ધમકી આપી કોટક મહીન્દ્રા બેન્કના ATM માંથી રૂ.૫૦ હજાર બળજબરીથી કઢાવી તથા ઘરે લઇ જઇ સર સામાન વેર વીખેર કરી રૂ.૫ હજાર મળી કુલ રૂ.૫૫ હજાર લઇ જઇ વધુ રૂ.૪૫ હજાર ૨ દિવસમાં નહી આપે તો આરોપી જાનકી સાથે પાડેલ ફોટા વાયરલ કરવાની ધમકી આપી હતી. આ ફરિયાદ આધારે રાજકોટ શહેર ક્રાઇમ બ્રાન્ચે હનીટ્રેપ અને અપહરણની ફરિયાદમાં આરોપી સોનલ ભેંડેરી, જાનકી ઉપરા અને જીતુદાન ઉર્ફે ભૂરો જેસાણીની ધરપકડ કરી ફરાર આરોપી ચિરાગ ઉર્ફે લાલો ભરવાડની શોધખોળ હાથ ધરી છે. જયારે પકડાયેલ આરોપી પાસેથી ૫૫,૦૦૦ રોકડ તેમજ મોબાઈલ સહિત કુલ ૧.૬૦ લાખનો મુદામાલ કબ્જે કર્યો છે. ઉલ્લેકખનીય છે કે પકડાયેલ આરોપીઓ પૈકી જાનકી અને જીતુ અગાઉ પણ રાજકોટ પોલીસમાં અલગ અલગ ગુનામાં પોલીસના હાથે ઝડપાઇ ચુકી છે. ત્યારે અન્ય કોઈ ગુનાને અંજામ આપ્યો છે કે કેમ તે દિશામાં વધુ તપાસ હાથ ધરી છે.

### દેહદાન મહાદાન

### અવસાન નોંધ

મુંબઈ: વીરનગરના વતની હાલ મુંબઈ સ્થીત અ.સૌ. શોભનાબેન તે પરિમલભાઈ પ્રમોદભાઈ શાહના પત્ની તેમજ સુમીત, નિરવ અને શર્મીના માતાનું તા.૧૮ ના રોજ અવસાન થયેલ છે. તેઓની પ્રાર્થના સભા તા.૨૨ ને રવિવારના રોજ તેમના મુંબઈના નિવાસસ્થાને રાખેલ છે. સાંજે ૪ થી ૬ શ્રી પરિમલભાઈ પ્રમોદભાઈ શાહ, ''ચેતન'' પ્લોટ નં.૨૬૦, સાયન રોડ, મુંબઈ-૪૦૦૦૨૨

# તમે લોન ચોર છો ડિફોલ્ટર છો તેવા મેસેજ વાયરલ કરી લોનના બમણા નાણાં પડાવનાર સામે ફરીયાદ

### રાજકોટ સાયબર ક્રાઈમ પોલીસ મથકમાં બે ગુના નોંધાયા



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ.તા.૧૯

દેશભરમાં સાયબર ફોડના કિસ્સાઓમાં દિવસે ને દિવસે વધારો નોંધાઈ રહ્યો છે ત્યારે રાજકોટ શહેર સાયબર ક્રાઈમ પોલીસ મથકમાં વધુ બે ફરિયાદ નોંધાઈ છે જેમાં બે યુવાનોને તમે લોન ચોર છો, ડીફોલ્ટર છો તેવા મેસેજ વાયરલ કરી ટોળકીએ લોન કરતા બમણા પૈસા પડાવી લીધાનું જણાવતા પોલીસે તપાસ હાથ ધરી છે. મવડી જીવરાજ પાર્કમાં ધ કોર્ટયાર્ડ ફ્લેટમાં રહેતા કાપડના વેપારી રજનીકાંતભાઈ અર્જનભાઈ સાણજાએ અવિનાશ મિશ્રા તથા વડીચરલા હરીહરન સામે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે પોતે ટ્રસ્ટેડ મની નામની એપ ડાઉનલોડ કરી લોન મે એપ્લાય કરતા જરૂરી દસ્તાવેજો માંગતા મેં આપ્યા હતા અને ૩૦ હજારની લોન માટે અરજી કરી હતી તે પછી માત્ર ૧૮૦૦ જ જમા થયા હતા અને વોટ્સએપ કોલ આવ્યો હતો જેમાં તમારી લોનના ૩ હજાર આજે ને આજે જમા કરવાના છે નહિતર મેસેજ વાયરલ કરી દેશું તેવી ધમકી આપતા મેં તાત્કાલિક ગુગલપેથી બંને શખ્સોને ૩૦૦૦ મોકલી દીધા હતા છતાં લોન ભરી નથી તેવા મેસેજ આવતા હતા. જયારે બીજા બનાવમાં રેલનગર લાલ બહાદુર ટાઉનશીપમાં રહેતા વાસણની ફેરી કરતા રવીન્દ્ર મગનભાઈ વાઘેલાએ કોઈન કેસનામની એપ ડાઉનલોડ કરી ૫૫ હજારની લોન માટે અરજી કરી હતી જેમાં પ્રોસીઝર બાદ ૩૪,૭૦૦ જમા થયા હતા પછી ફેન કરી તાત્કાલિક લોન ભરો નહિતર તમારા મેસેજ તમારા સગાને મોકલી દેશું તેવી ધમકી આપતા ૬૦ હજાર ભરી દીધા હતા છતાં વધુ પૈસા માંગી ધમકી આપતા હોવાનું જણાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

# બળાત્કારના કેસમાં આરોપી આગોતરા જામીન મુકત

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧૯

ફરિયાદીએ રાજકોટ તાલુકા પો.સ્ટે.માં ફરિયાદ આપેલ જેમાં આરોપી જયદેવ રાયધન મૈયડે પોતે પરણિત હોવા છતાં તેમની પત્ની સાથે છુટાછેડા લઈ ફરિયાદી સાથે લગ્ન કરશે તેવી લાલચ આપી આરોપીના ઘરે મરજી વિરૂધ્ધ શરીર સંબંધ બાંધ્યાની ફરિયાદ કરેલ.

જેમાં આરોપીએ પોતે નિર્દોષ હોય અને ખોટા ગુનામાં સંડોવી દીધેલ હોય જેથી હાલના આરોપી જયદેવ રાયધનભાઈ મૈયડે, રાજકોટ પ્ર.નગર પો.સ્ટે.માં દોઢ માસ પહેલા ફરિયાદ કરેલ. જેમાં બળાત્કારના ગુનાના ફરિયાદીના ભાઈ તથા તેમના પિતા અને સંબંધીઓ વિરૂધ્ધ અપહરણ તથા મારકુટની ફરિયાદ કરેલ હોય જેનો ખાર રાખી ફરિયાદીએ હાલની બળાત્કારની ખોટી ફરિયાદ કરેલ છે તેવું પોતાની જામીન અરજીમાં જણાવેલ. જેમાં ગુજરાત હાઈકોર્ટે સરકારપક્ષ તથા બચાવ પક્ષની દલીલો સાંભળી હાલની બળાત્કારની ફરિયાદ કાઉન્ટર બ્લાસ્ટ તરીકે કરેલ છે જે ધ્યાને લઈ આરોપીને આગોતરા જામીન મંજૂર કરવાનો હુકમ કરેલ છે. આ કેસમાં આરોપી જયદેવ રાયધનભાઈ મૈયડ વતી ધારાશાસ્ત્રી સંજય એમ. ડાંગર, વિજયભાઈ ધમ્મર, સાગરભાઈ એન. મેતા, મહેશભાઈ સોનારા, પરેશભાઈ પટેલ તથા ગુજરાત એડવોકેટ પ્રતિકભાઈ જસાણી રોકાયેલા હતા.



એડવોકેટઃ સંજય ડાંગર

# રાજકોટ મહાનગરપાલિકાની વેસ્ટઝોન કચેરીમાં ટોઇલેટમાંથી દારૂની બોટલો મળતા ખળભળાટ





**રાત્રીના સમયે કોણે દારૂની પાર્ટી કરી? શું સિક્યુરિટીને પણ ખબર ન પડી? સર્જાતા અનેક રહસ્યમય સવાલ**

## ટોઈલેટમાં પડેલી દારૂની બોટલો, નાસ્તાના પડીકા અને ઠંડા-પીણાની બોટલોનો વીડિયો વાયરલ થતા મનપા તંત્રમાં ખળભળાટઃ શું તપાસનો આદેશ અપાશે કે રાબેતા મુજબ ઢાંકપીછોડો?!

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૧૯

રાજકોટ મહાનગરપાલિકાની વેસ્ટઝોન કચેરીના ટોઇલેટમાંથી ઈંગ્લીશ દારૂની બોટલો મળી આવ્યાનો એક કથિત વીડિયો વાયરલ થતા મનપા તંત્રમાં ખળભળાટ મચી ગયો છે. મહાનગરપાલિકાની મહત્વપૂર્ણ કચેરીમાં કોઈ તત્વોએ રાત્રીના સમયે દારૂની પાર્ટી કરી હોવાનું વીડિયો પરથી ફલિત થાય છે. આ ઘટનાએ શહેરભરમાં વાયરલ થયેલા વીડિયોએ ભારે ચર્ચા જગાવી છે અને અનેક સવાલો ઉભા થયા છે. આ વીડિયો મહાનગરપાલિકાની વેસ્ટઝોન કચેરીનો હોવાનું જાણકાર સૂત્રો કહી રહ્યા છે. વીડિયોમાં સ્પષ્ટ દેખાઈ આવે છે કે, કચેરીના ટોઇલેટમાં દારૂની બાટલીઓ અને ઠંડાપીણાની બોટલો તથા નાસ્તાના પડીકા ફેંકી દેવાયેલા છે. શું રાત્રીના સમયે અહીં ઘુસીને કોઈએ દારૂની પાર્ટી માણી હતી? જો દારૂની પાર્ટી થઇ હોય તો કોણે કરી? સ્ટાફના કોઈ સભ્ય હતા કે બહારના તત્વ ઘુસી ગયા હતા? શું કચેરીની સિક્યુરિટીને કોઈ ખબર પડી ન હતી? આવા અનેક સવાલો શહેરીજનોમાં ચર્ચાતા થઇ ગયા છે. મહાનગરપાલિકા જેવી મહત્વપૂર્ણ કચેરીમાં આવી રીતે રાતના અંધારામાં નશાની પાર્ટી યોજાઈ એ ખુબ જ આઘાતજનક ઘટના કહેવાય.

દરમ્યાન કથિત વીડિયો અંગે સંપર્ક કરાતા મેયર ડો.પ્રદીપ ડવએ જણાવ્યું હતું કે, આ ઘટનાની તપાસ મનપાની વિજીલન્સ શાખાને સોંપવામાં આવશે. અમે કચેરીના સીસીટીવી કેમેરાની પણ સઘન ચકાસણી કરાવશું.

મહાનગરપાલિકાના તંત્રવાહકોએ વાયરલ વિડીયોને હળવાશથી લેવો ન જોઈએ અને ગંભીરતાથી તપાસનો આદેશ આપવો જોઈએ એવી લોકલાગણી છે. કચેરીમાં કોણે આવી અનૈતિક પ્રવૃત્તિની હિંમત કરી એ વિશે દોષિતોને શોધી કાઢવા તટસ્થ રીતે ઊંડી તપાસ થવી જોઈએ. કચેરીની અંદર અને બહાર ગોઠવાયેલા સીસીટીવી કેમેરાનું તાત્કાલિક સક્ષમ પોલીસ અધિકારીની હાજરીમાં ચેકિંગ કરવું જોઈએ. જેથી કરીને સત્ય શું છે એ બહાર લાવી શકાય આવી રીતે મહાનગરપાલિકાની કચેરીમાં ઘુસી જઈ દારૂની પાર્ટી યોજાઈ એ ઘટના ખૂબ જ ચોંકાવનારી અને તંત્ર માટે શરમજનક છે. સરકારી કચેરીઓની સુરક્ષાનો મામલો ખૂબ જ ગંભીરતાથી લેવો

(અનુ.પાના નં.૪ ઉપર)

### મનપા વેસ્ટઝોન કચેરીની સુરક્ષા એટલે 'ખાળે ડૂચા અને દરવાજા મોકળા'.!

રાજકોટ: મનપાની વેસ્ટઝોન કચેરીને લગતો વીડિયો વાયરલ થતા કચેરીની સુરક્ષાની પોલ છતી થઇ ગઈ છે. જ્યાં ખૂબ જ સંવેદનશીલ દસ્તાવેજો અને રેકર્ડ સચવાયેલા હોય છે. એવી કચેરીમાં આ પ્રકારે દારૂની પાર્ટી થઇ જાય એટલે મનપા કચેરીની સુરક્ષા માટે કહેવું પડે કે, 'ખાળે ડૂચા અને દરવાજા મોકળા'!!

વીડિયો જે વાયરલ થયો છે તેની સચ્ચાઈ બહાર આવે અને દોષિતો સામે તાત્કાલિક પગલા લેવાઈ એ અત્યંત જરૂરી છે. આ વીડિયો અંગે જાણકારી મેળવવા મનપાના પદાધિકારીઓ અને અધિકારીઓનો સંપર્ક કરવાનો પ્રયાસ થયો હતો પણ ટેલીફોનીક સંપર્ક થઇ શક્યો નથી.(૨.૧૨)

**રાજકોટ શહેર જિલ્લામાં ૪૫ થી વધુ શાળાઓમાં સઘન ચેકિંગ**

# ચેકિંગ દરમ્યાન ચોંકાવનારો ખુલાસો, અમુક શાળાઓએ હજુ સમયમાં ફેરફાર કર્યા નથી



સવારથી જિલ્લા શિક્ષણાધિકારીના નેતૃત્વમાં ઠેરઠેર ટીમો ત્રાટકી

## સવારની પાળીના સમયમાં શાળા સંચાલકોએ ફેરફાર કર્યો કે નહીં એ નિશ્ચિત કરવા જોરદાર અભિયાનનો પ્રારંભ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૧૯

રાજકોટની જસાણી સ્કૂલમાં કારમી ઠંડીથી એક વિદ્યાર્થીનીનું ચાલુ કલાસમાં હૃદય બેસી જવાથી મૃત્યુ થયાની ઘટનાના ઘેરા પડઘા પડ્યા છે. રાજ્ય સરકારે ઘટનાની ગંભીર નોંધ લીધા બાદ રાજકોટ ડીઈઓ તંત્ર દ્વારા શાળાઓમાં સમય મોડો કરવા ગઈકાલે જ પરિપત્ર બહાર પાડી દેવાયો હતો. જેનો અમલ થયો છે કે નહીં એ જોવા માટે આજે સવારથી શહેર અને જિલ્લામાં અનેક શાળાઓમાં ચકાસણી કરવા માટે ડીઈઓ તંત્રની ટીમો ત્રાટકી છે. સવારની પાળીનો સમય બદલાયો છે કે નહીં એ જોવા માટે જિલ્લા શિક્ષણાધિકારી બી.એસ.કૈલાના નેતૃત્વમાં એજ્યુકેશન ઇન્સ્પેકટરોની ટીમો દ્વારા ૪૫ જેટલી શાળાઓમાં તપાસ કરવામાં આવી હતી.

સવારથી અલગ- અલગ સ્થળે ટીમો ત્રાટકી હતી અને ચેકિંગ શરૂ કરવામાં આવ્યું હતું. તે દરમ્યાન કેટલીક શાળાઓના સંચાલકોએ જટિલ વલણ અપનાવીને આજે પણ સમયમાં ફેરફાર કર્યો ન હોવાનું બહાર આવ્યું હતું. આ શાળાઓ સામે હવે કેવા પગલા લેવામાં આવે છે એ જોવાનું રહે છે. રાજકોટ શહેર અને જિલ્લામાં આજથી તમામ શાળાઓનો સમય સવારના ૮ વાગ્યાનો કરવામાં આવ્યો છે. ડીઈઓ તંત્રના પરિપત્રનો કેટલો અમલ થયો છે એ જોવા માટે આજથી તંત્ર દ્વારા ચેકિંગ ઝુંબેશ શરૂ કરી દેવામાં આવી છે. રાજ્ય સરકાર પણ જરૂરી આદેશો આપ્યા હોવાથી સ્થાનિક તંત્ર એકશન મોડમાં આવી ગયો છે.

ગઈકાલે ડીઈઓ કૈલાએ વિધિવત પરિપત્ર બહાર પાડી સવારની સીટનો સમય સવારે ૮ વાગ્યાનો કરવા અને ગરમ વસ્ત્રો પહેરવામાં વિદ્યાર્થીઓને છૂટછાટ આપવાનો આદેશ જારી કરી દીધો હતો. જેની ચકાસણી કરવા આજે સવારથી ખુદ જિલ્લા શિક્ષણાધિકારી રાઉન્ડમાં નીકળ્યા હતા અને ચકાસણી શરૂ કરી હતી. તદ્ઉપરાંત ૧૪ જેટલા એજ્યુકેશન ઇન્સ્પેકટરોની ટીમો બનાવીને શહેર અને જિલ્લાની શાળાઓમાં તપાસ માટે મોકલવામાં આવી હતી.

જિલ્લા શિક્ષણાધિકારી કૈલાએ આજે સવારે ધોળકિયા સ્કૂલ, પંચાયત ચોક, એસએનકે સ્કૂલ આકાશવાણી ચોક, નિર્મલા કોન્વેન્ટ, કોટક સ્કૂલ અને તપોવન સ્કૂલમાં જાતે તપાસ કરી હતી. અન્ય ટીમોએ કુવાડવાની શાળા, ઇનોવેટીવ, કડવીબાઈ વિરાણી, ભરાડ સ્કૂલ, મોદી સ્કૂલ તેમજ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોની પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં સવારથી ચકાસણી ઝુંબેશ શરૂ કરી હતી. શિક્ષણાધિકારીએ જણાવ્યું હતું કે, સાંજ સુધીમાં તમામ શાળાઓનો સર્વગ્રાહી રીપોર્ટ આવી જશે.(૨.૧૨)

# આટકોટ પાસે અકસ્માત સર્જાતા ટ્રકચાલકનું મોત



### રાજકોટ-ભાવનગર હાઈ-વે પર ગોળાઈ પર સર્જાયો અકસ્માત

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ તા.૧૯

આટકોટ નજીક અકસ્માતમાં બાબરાના ટ્રક ચાલક દિલુભાઈ લખમણભાઈ કડેવારનું ઘટના સ્થળે જ કમકમાટીભર્યું મોત નિપજયુ હતું. બનાવની વિગત એવી છે કે મૃતક બાબરાથી ટ્રક લઈ નિકળ્યા હતા અને રસ્તામાં રાત્રે ૧૦ વાગ્યા આસપાસ આટકોટ નજીક રાજકોટ ભાવનગર હાઈવે પર શિવ-વિહાર હોટેલ પાસે ગોળાઈ ઉપર ચાલક મૃતકે સ્ટીયરીંગ પરથી કાબુ ગુમાવતા ટ્રક ડીવાઈડર કુદી બીજી બાજુનાં રોડ પર જતા ટ્રક સાથે અથડાયો હતો. જેમાં મૃતક દિલુભાઈ ડ્રાઈવિંગ સીટ પરથી ફંગોળાઈ રોડ પર પડયા હતા.

તેને ગંભીર ઈજા થતાં ઘટના સ્થળે જ મોત નીપજયું હતું. જયારે સામેના ટ્રકમાં ભારે નુકશાન થયુ હતું. બીજા ટ્રકમાં નુકશાન થતા આટકોટ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. ફરીયાદી દિનેશ ગીરધરભાઈ સેખડા (પટેલ) (રહે.રામોદ તા.કોટડાસાંગાણી) એ જણાવેલ કે તેઓ નાના માંડવાથી મહુવા માર્કેટીંગ યાર્ડમાં સફેદ ડુંગળી વેચવા ટ્રક લઈ જઈ રહ્યા હતા.

તેમની સાથે તેમના મામાના દીકરી પંકજ પડાલીયા,

(અનુ.પાના નં.૪ ઉપર)

# ગુજરાતમાં વિદ્યાર્થીઓને માર્ગ સુરક્ષાના પાઠ ભણાવાશે

## નવા શૈક્ષણિક સત્રથી ધો.૬ થી ૧૨માં સામાજિક વિજ્ઞાન વિષયમાં માર્ગ સલામતીનું ચેપ્ટર સામેલ કરાશે

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
ગાંધીનગર તા.૧૯

વિશ્વભરમાં સૌથી વધુ માર્ગ અકસ્માતો ભારતમાં થાય છે અને તેને રોકવા સરકારના શ્રેણીબદ્ધ પગલા વચ્ચે ગુજરાત સરકારે અભ્યાસક્રમમાં જ માર્ગ સલામતીના પાઠ દાખલ કરવાનો નિર્ણય લીધો છે. નવા શૈક્ષણિક સત્રથી ધો.૬થી૧૨ના અભ્યાસક્રમમાં માર્ગ સલામતીના પાઠ ભણાવાશે. રાજય સરકારના સૂત્રોએ કહ્યું કે સામાજીક વિજ્ઞાનના વિષયમાં પૂરક પાઠ તરીકે માર્ગ સલામતીનું ચેપ્ટર સામેલ કરવામાં આવશે.

આ મામલે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ તુર્તમાં રાજયભરના જીલ્લા શિક્ષણાધિકારીઓની બેઠક યોજીને પ્રોજેકટને આખરી સ્વરૂપ આપશે. માર્ગ સુરક્ષાના અભ્યાસમાં સલામતી સંબંધી બાબતો ઉપરાંત ટ્રાફિક નિશાનીઓ, ટ્રાફિક નિયમો વગેરેનો સમાવેશ કરાશે. ઝીબ્રા ક્રોસીંગનો ઉપયોગ તથા માર્ગ પર યોગ્ય વર્તણુક જેવા મુદ્દાઓ સમાવાશે. સ્કૂલે આવવા-જવામાં રાખવાની તકેદારી તથા સ્કૂલ બસ જેવા મુદ્દા પણ સામેલ હશે. રાજય સરકાર દ્વારા મુસદો તૈયાર કરવામાં આવ્યો છે.

શાળા સંચાલકો દ્વારા બાળકોના માતા-પિતાને પણ માર્ગ સુરક્ષા સંબંધી જ્ઞાન આપવાનો પ્રયાસ કરાયો છે. સૂત્રોના કહેવા પ્રમાણે બાળવયે જ વિદ્યાર્થીઓને ટ્રાફિક નિયમોનું જ્ઞાન અપાય તો મોટા થયા બાદ તેનું અસરકારક પાલન કરે તેવો ઉદેશ છે. ઉચ્ચ શિક્ષણમાં ટ્રાફિક નિયમો, રોડ એન્જીનીયરીંગ, અકસ્માતના સંજોગોમાં ઈમરજન્સી સારવાર જેવી બાબતો અભ્યાસમાં સામેલ કરાશે. ટ્રાફિક નિયમોનો ભંગ કરવા પરની પેનલ્ટીથી



વાકેફ કરાશે. આરટીઓ તથા ટ્રાફિક પોલીસ કચેરીની રૂબરૂ મુલાકાત પણ કરાવાશે. અકસ્માતમાં ઈજાગ્રસ્તોને મદદ કરવાની તાલીમ અપાશે.

# રાજકોટમાં હેલ્મેટ નિયમનો કડક અમલ શરૂ, ૧૦૦ થી વધુ પોલીસ કર્મીઓને દંડ



## પોલીસ બેડાથી જ નિયમના કડક અમલની શરૂઆત કરાવતા ડીસીપી, હવે તમામ સરકારી કચેરીઓની બહાર પણ ચેકિંગ શરૂ કરાશે

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૧૯

રાજકોટ શહેરમાં હેલ્મેટના નિયમના ચુસ્તપણે અમલની શરૂઆત પોલીસ બેડાથી જ કરાવવામાં આવી છે. શહેર ટ્રાફિક પોલીસ દ્વારા આજથી જોરદાર ઝુંબેશ શરૂ કરીને હેલ્મેટ ન પહેરવા બદલ શહેર પોલીસમાં ફરજ બજાવતા ૧૦૦ થી વધુ પોલીસ કર્મીઓને જ દંડ ફટકારવામાં આવ્યો હતો. રાજકોટના ટ્રાફિક ડીસીપી પૂજા યાદવે હેલ્મેટ પહેરવાની અપીલ કરી છે અને લોકોનો સહકાર માંગ્યો છે. તેમણે સ્પષ્ટ જણાવ્યું હતું કે, પોલીસની ઝુંબેશનો હેતુ માત્ર દંડ ફટકારવાનો નથી પણ હેલ્મેટના નિયમનો અમલ કરાવવાનો છે.

ડીસીપી ટ્રાફિક પૂજા યાદવે જણાવ્યું હતું કે, વાહનચાલકો માટે હેલ્મેટ ખૂબ જ જરૂરી છે. મોટાભાગના અકસ્માતના કિસ્સાઓમાં હેલ્મેટ નહીં પહેરવાને કારણે વાહનચાલકનું મોત થાય છે. ત્યારે લોકો હેલ્મેટનો ઉપયોગ કરતા થાય ત્યારે ટ્રાફિક પોલીસ સક્રિય છે. હાલમાં જ ટ્રાફિક પોલીસ દ્વારા ટ્રાફિક સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી. તે દરમ્યાન લોકોને અને શાળાના બાળકોને પણ ટ્રાફિકના નિયમોની સમજણ આપવામાં આવી હતી. પોલીસ દ્વારા હેલ્મેટ સાથે બાઈકરેલી કરીને લોકોને જાગૃત કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. ડીસીપી પૂજા યાદવે સ્પષ્ટ જણાવ્યું છે કે, પોલીસની સાથે- સાથે તમામ બાઈક ચાલકોએ પણ હેલ્મેટ પહેરવું પડશે. એ માટે લોકોનો સહકાર જોઈએ છે.

પૂજા યાદવે વધુમાં જણાવ્યું હતું કે, શહેરમાં તમામ વાહન ચાલકો ૧૦૦ ટકા હેલ્મેટ પહેરે એ માટે પોલીસ કામગીરી કરી રહી છે. જો કે પોલીસનો હેતુ માત્ર દંડ કરવાનો નથી. કડક કાર્યવાહીથી જરૂર હેલ્મેટ પહેરાવી શકાય છે અને દંડ વસુલી શકાય છે. પરંતુ લોકોનો સાથ સહકાર ખૂબ જરૂરી છે. લોકો સામે ચાલીને હેલ્મેટનો ઉપયોગ કરે એ જરૂરી છે. ટ્રાફિક પોલીસ જાગૃતિ લાવી લોકોને વિશ્વાસમાં લેશે અને ત્યારબાદ કડક કાર્યવાહી શરૂ કરવામાં આવશે.

રાજકોટ પોલીસે પોલીસ હેડકવાટર ખાતે હેલ્મેટ ઝુંબેશનું આયોજન કર્યું હતું અને ઝુંબેશ દરમ્યાન પોલીસ અને પોલીસ પરિવારના ૧૦૦ લોકોને દંડ ફટકારવામાં આવ્યો હતો. હવે શહેરીજનોને પણ હેલ્મેટ પહેરવાની વિનંતી કરવામાં આવી છે. નહિતર આગામી દિવસોમાં દંડાત્મક કાર્યવાહી શરૂ કરવામાં આવશે.

ગઈકાલે ગુજરાત હાઈકોર્ટે પણ હેલ્મેટના નિયમની કડક અમલવારી કરવા માટે તાકીદ કરી હતી અને સરકારનો ખુલાસો પણ માંગ્યો હતો. હાઈકોર્ટના નિર્દેશને પગલે હવે રાજયભરમાં હેલ્મેટ અંગે કડક અભિયાન શરૂ કરવામાં આવશે.(૨.૧૨)

SAURASHTRA KRANTI (DAILY EVENING) Editor, Printer Publisher & Owner : GADHAVI ASHOK MULUBHA, Place of Publication : SAURASHTRA KRANTI KARYALAYA 125, STAR CHAMBER, HARIHAR CHOWK, PANCHNATH PLOT, RAJKOT-360001,ph.No.(0281) 2222306 Printed at: SAURASHTRA PRINTERY, PRAYAG INDUSTRIES PARK, RUDANAGAR, ANANDPAR (NAVAGAM) DIST. RAJKOT-360003 GUJARAT.